અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 229, Dt.10-07-2024 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

**સુવિચાર**

બધા નિર્ણયો આપણા નથી હોતા, અમુક નિર્ણય સમયના પણ હોય છે !!

# રાજકોટ હિરાસર એરપોર્ટ પર ઇન્ટરનેશલ ફલાઇટ નહિં ઉડે!

## ‘રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ’ માત્ર નામનું જ : કસ્ટમ્સ, ઈમીગ્રેશન, એરલાઇનની ઓફિસો જેવી સુવિધા શક્ય નથી



રાજકોટ તા. ૧૦

સૌરાષ્ટ્રના સૌથી મોટા શહેરમાંથી વિદેશ ફરવા જવા ઈચ્છતા પ્રવાસીઓના સપના ટેક ઓફ પહેલા જ તૂટી ગયા છે. કરોડો રૂપિયા ખર્ચીને હિરાસર ખાતે રાજકોટ ઇન્ટરનેશનલ ગ્રીનફીલ્ડ એરપોર્ટ તૈયાર કરાયુ હતું. વડાપ્રધાન મોદીના હાથે જુલાઇ ૨૦૨૩માં તેનું ઉદ્ઘાટન પણ કરાયું હતું. પણ હવે ઉચ્ચ સ્થાને રહેલા સૂત્રો અનુસાર, આ એરપોર્ટ માત્ર ડોમેસ્ટીક ફલાઇટોનું જ સંચાલન કરી શકશે. આ એરપોર્ટ શરૂ થયું ત્યારથી વિવાદમાં છે. હવે એવી વાત બહાર આવી છે કે અહિંથી વિદેશી ફલાઇટ શકય નથી માત્ર ડોમેસ્ટિક ફલાઇટનું જ સંચાલન થશે.

કાયમી ટર્મિનલ બિલ્ડીંગનું કામ પૂર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય ફલાઇટ્સ શરૂ થવાની ધારણા હતી. પરંતુ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ નિર્ણય કર્યો છે કે એક નવું ટર્મિનલ ફક્ત આંતરરાષ્ટ્રીય કામગીરી માટે જ જરૂરી રહેશે, જે ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થવાની ધારણા હેઠળ બાંધકામ હેઠળના ટર્મિનલની બાજુમાં હશે. આ ટર્મિનલ માત્ર સ્થાનિક ફલાઈટ્સનું સંચાલન કરશે. તેમ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો અહેવાલ જણાવે છે.

શરૂઆતમાં, નિર્માણાધીન ટર્મિનલ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને ફલાઇટ્સનું સંચાલન કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે ટર્મિનલને બે ભાગમાં વહેંચવામાં આવ્યું હશે.

દરમિયાન, એક અસ્થાયી ટર્મિનલ જે હાલમાં ઉપયોગમાં છે તે ફક્ત કાર્ગો અવરજવર માટે નિયુક્ત કરવામાં આવ્યું હતું. AAIની તાજેતરની બેઠકમાં એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે કસ્ટમ્સ, ઈમિગ્રેશન, એરલાઈન ઓફિસો અને પેસેન્જર સુવિધાઓ માટેના જરૂરી સેટ-અપને કારણે આ ઈમારત આંતરરાષ્ટ્રીય કામગીરીને સમાવી શકશે નહીં.

આથી, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નવી ઈમારત એક વાર પૂર્ણ થયા પછી ફક્ત સ્થાનિક હેતુઓ માટે જ સેવા આપશે.

જયારે એરપોર્ટ ડાયરેક્ટરનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે યોજનામાં ફેરફારની પુષ્ટિ કરી અને કહ્યું, ‘આંતરરાષ્ટ્રીય ફલાઇટની અવરજવર માટે એક નવું ટર્મિનલ બનાવવાની દરખાસ્ત છે અને તે હાલમાં આયોજનના તબક્કામાં છે.’

આ દરમિયાન સૂત્રોએ એમ પણ જણાવ્યું કે હજુ સુધી રાજકોટ એરપોર્ટ પરથી કોઈ એરલાઈન્સે ઈન્ટરનેશનલ ઓપરેશન શરૂ કરવાની તૈયારી દર્શાવી નથી.

એક સૂત્રએ જણાવ્યું હતું કે, ‘જો નાગરિક ઉડ્ડયન મંત્રાલય નજીકના ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય ફલાઇટ્સ શરૂ કરવા પર ભાર મૂકે છે, તો સત્તાવાળાઓ તેમને હેન્ડલ કરવા માટે વર્તમાન અસ્થાયી બિલ્ડિંગનો ઉપયોગ કરવાનું વિચારશે.’રાજકોટથી ૩૦ કિમી દૂર હિરાસર ખાતે નવા ગ્રીનફિલ્ડ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ભૂમિપૂજન સમારોહ, ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા, ઓક્ટોબર ૨૦૧૭માં કરવામાં આવ્યો હતો. જમીન સંપાદન બાદ, એરપોર્ટને ૧,૦૪૫ હેક્ટર જમીન પર વિકસાવવામાં આવ્યું છે, જેમાં ટર્મિનલ ૨૩,૦૦૦ ચોરસ મીટર છે.

સપ્ટેમ્બર ૨૦૨૩માં હંગામી ઈમારતમાંથી એરપોર્ટનું સંચાલન શરૂ થયા પછી નવું ટર્મિનલ શરૂઆતમાં ફેબ્રુઆરી ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ થવાનું હતું. પરંતુ આ કામમાં વિલંબ થયો છે. નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જુલાઈ ૨૦૨૩માં કરવામાં આવ્યું હતું.

# ગુજરાતના ૩૨ જીલ્લાનાં ૧૬૨ તાલુકામાં વરસાદ

### કેટલાક જીલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટઃ હવામાન વિભાગની આગાહી



અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨ જિલ્લામાં વરસાદ નોંધાયો છે અને ૧૬૨ તાલુકામાં ધોધમાર વરસાદ પડ્યો છે. રાજકોટના લોધિકા અને ગીરસોમનાથના વેરાવળમાં સૌથી વધુ ૫ ઇંચ વરસાદ થયો છે.ગુજરાતમાં ફરી વરસાદી માહોલ જામી ગયો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૨ જિલ્લાના ૧૬૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજકોટના લોધીકા તાલુકામાં સૌથી વધુ ૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ગીરસોમનાથના વેરાવળ તાલુકામાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢના વંથલી અને માણાવદરમાં ૪.૫ ઈંચ વરસાદ અને માળીયાહાટીના તાલુકામાં ૪.૧ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે અન્ય ૫૫ તાલુકાઓમાં ૧ થી ૪ ઈંચ વરસાદ વરસ્યો છે.૩૨ જિલ્લાના ૧૬૨ તાલુકામાં મેઘ મહેર

જામનગરના કાલાવડ શહેર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસ્યો. તો પોરબંદરના સુદામા ચોક, ખાદી ભવન, એમ.જી રોડ, સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો.રાજ્યમાં ગઈકાલે સવારે ૬ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધીમાં ૧૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો, જેમાં સૌથી વધુ લોધીકામાં સવા ૫ ઈંચ વરસાદ ખાબકયો, પાટણ-વેરાવળમાં ૪.૫ ઈંચ, ભાભરમાં ૪ ઈંચ, લાઠીમાં ૩.૫ ઈંચ, ધોરાજીમાં ૩.૫ ઈંચ, મહેમદાવાદમાં ૩ ઈંચ, બગસરામાં પોણા ૩ ઈંચ, નખત્રાણામાં ૨.૫ ઈંચ, માતરમાં સવા ૨ ઈંચ, જામ કંડોરણામાં સવા ૨ ઈંચ વરસાદ નોંધાયો. ઉલ્લેખનીય છે કે આગામી ૭ દિવસ માટે વરસાદની હવામાન વિભાગની આગાહી સામે આવી છે, જે અનુસાર રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવ-ાથી ભારે વરસાદની સંભાવના છે. ત્યારે આજે કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ સાથે વરસાદનું યલો એલર્ટ પણ આપવામાં આવેલું છે

# રાજયના જુનિયર ડોકટરોના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો થશેઃ સરકાર સંમત



અમદાવાદ,તા.૧૦

રાજયના જુનિયર ડોકટરોના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો કરવાનો સરકારે સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. જો કે, આ સામે જુનીયર ડોકટર એસોસીએશને વિરોધ કરીને આંદોલન કરવાનું જાહેર કર્યુ છે.

સૂત્રોના કહેવા પ્રમાણે જુનીયર ડોકટરોના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો ૧૫ દિવસમાં લાગુ કરવાની બાંહેધરી રાજય સરકારે આપી છે. એસોસીએશને અગાઉ ૧૧ જુલાઈ સુધીનું અલ્ટીમેટમ આપીને એવી ચેતવણી આપી હતી કે સરકાર સ્ટાઈપેન્ડમાં વધારો જાહેર નહીં કરે તો આંદોલન શરૂ કરાશે.

સરકારના નિયમો પ્રમાણે રેસીડન્ટ તબીબોના સ્ટાઈપેન્ડના દર વર્ષે વધારો કરવાનો હોય છે. છેલ્લે ૧ એપ્રિલ ૨૦૨૧થી વધારો કરાયો હતો. આ વર્ષે માર્ચથી જ નવો વધારો આપવાનો હતો.

એસોસીએશને ૪થી માર્ચે આવેદનપત્ર આપીને સરકારનું ધ્યાન દોર્યુ હતું. એસોસીએ.શન દ્વારા આરોગ્યમંત્રીને અત્યાર સુધીમાં ૫થી૬ વખત રજુઆત કરવામાં આવી હતી છતાં કોઈ પરિણામ નહી ૧૧ જુલાઈથી આંદોલનનું એલાન કર્યુ હતું. જો કે, આરોગ્યમંત્રીએ ગઈકાલે તબીબ પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી અને પખવાડીયામાં સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકા વધારો કરવાની બાંહેધરી આપી હતી.

# સોનુ ફરી સસ્તુ થયું, ચાંદીના ભાવમાં વધારો



મુંબઇ, તા.૧૦

ફેડ રિઝર્વ દ્વારા વ્યાજદરોમાં ઘટાડાનો સંકેત મળ્યો હોવા છતાં સ્થાનિક બજારમાં કિંમતી ધાતુના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. જેની પાછળનું કારણ બજારમાં ઘરાકીનો અભાવ હોઈ શકે છે. દેશમાં સોનાનો ભાવ આજે સરેરાશ રૂ. ૩૫૦ ઘટ્યો હતો. દિલ્હી, અને મુંબઈમાં સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે અમદાવાદમાં પણ સોનાની કિંમત રૂ. ૩૦૦થી ૪૦૦ ઘટવાની શક્યતા દર્શાવાઈ છે. સવારે ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ. ૭૩૨૪૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. બીજી બાજુ ચાંદી સતત ઉંચકાઈ રહી છે. ગઈકાલે કિંમત રૂ.૯૩૫૦૦ પ્રતિ કિગ્રા થઈ હતી.

એમસીએક્સ ખાતે કિંમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨,૫૩૦ ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૫૭૯ અને નીચામાં રૂ.૭૨,૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૭ વધી રૂ.૭૨,૫૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૬ વધી રૂ.૫૮,૫૭૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૭,૧૭૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯ વધી રૂ.૭૨,૫૧૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૯૩,૦૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૩,૨૫૦ અને નીચામાં રૂ.૯૨,૯૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૬ વધી રૂ.૯૩,૦૭૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૨૫ વધી રૂ.૯૩,૦૦૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૧૬ વધી રૂ.૯૨,૯૮૮ બોલાઈ રહ્યો હતો.

**બાળકોના ભણતરનો બોજ ઘટાડવા સરકાર સજ્જ**

# શાળાઓમાં બેગલેસ દિવસના ટૂંકમાં જ અમલ

### ભણતરને વધુ આનંદદાયી, પ્રયોગાત્મક અને તણાવમુકત બનાવવાની યોજના



નવી દિલ્હી, તા.૧૦

શિક્ષણ મંત્રાલયે મંગળવારે શાળાઓમાં ‘બેગલેસ ડે’ના અમલની NCERT દ્વારા નિર્ધારિત કરાયેલી માર્ગરિખાની સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, માર્ગરિખામાં વધુ સુધારો કરવામાં આવશે.

NCERTના પીએસએસ ઇન્સ્ટિટ્યુટ ઓફ વોકેશનલ એજયુકેશને ‘બેગલેસ ડે’ લાગુ કરવા માટે વ્યાપક માર્ગરિખા વિક્સાવી હતી. તેનો હેતુ શાળાના ભણતરને વધુ આનંદદાયી, પ્રયોગાત્મક અને તણાવમુક્ત બનાવવાનો છે. શિક્ષણ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, ‘મીટિંગમાં વિવિધ સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને સ્થાનિક પર્યાવરણ માટે સંવેદનશીલ બનાવવા, પાણીની શુદ્ધતા ચકાસતા શીખવવું, સ્થાનિક સ્મારકોની મુલાકાત લેવા સહિતની બાબતો ચર્ચાઈ હતી. સમીક્ષાને આધારે પીએસએસ માર્ગરિખાને વધુ ચુસ્ત બનાવશે.’

નેશનલ એજયુકેશન પોલિસી ૨૦૨૦માં છઠ્ઠાથી આઠમા ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓને ૧૦ દિવસના ‘બેગલેસ ગાળા’ના અમલ માટે ભલામણ કરવામાં આવી હતી. ભલામણ અનુસાર સૂચિત ગાળામાં વિદ્યાર્થીઓ સ્થાનિક સ્તરે વિવિધ સ્કિલ્સ ધરાવતા નિષ્ણાતો હેઠળ તાલીમ મેળવશે અને શાળાની બહારના માહોલમાં જુદીજુદી પ્રવૃત્તિ કરશે.

# યુપીના ઉન્નાવમાં ગમખ્વાર અકસ્માતઃ ૧૮નાં મોત





### બિહારથી દિલ્હી જઈ રહેલી ડબલ ડેકર બસ દૂધના ટેન્કર સાથે અથડાઈ

ઉન્નાવ, તા.૧૦

ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં આજે સવારે ૫.૧૫ વાગ્યે ડબલ ડેકર બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં બસમાં સવાર ૧૮ મુસાફરોના મોત થયા હતા. ૧૯ ઘાયલ છે. મૃતકોમાં ૧૪ પુરૂષો, ૨ મહિલાઓ અને ૨ બાળકોનો સમાવેશ થાય છે. બસ બિહારના સિવાનથી દિલ્હી જઈ રહી હતી.

આ અકસ્માત લખનૌ-આગ્રા એક્સપ્રેસ વે પર બાંગરમઉ કોતવાલી પાસે થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો ડ્રાઇવર સાઇડનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઇ ગયો હતો. મુસાફરો બહાર પડ્યા હતા. ત્યાં તેમનું મૃત્યુ થયું. અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે. રોડ પર મૃતદેહો વિખરાયેલા જોવા મળે છે.

પોલીસે જણાવ્યું કે બસ દૂધના ટેન્કરને ઓવરટેક કરી રહી હતી. આ દરમિયાન તે બેકાબુ થઈ જતા ટેન્કર સાથે અથડાતા પલટી મારી ગઈ હતી. ૧૮ મૃતકોમાંથી ૧૬ની ઓળખ હજુ થઈ નથી. ૧૫ ઘાયલોની બાંગરમઉ સીએચસીમાં **(જુઓ.પાનું.૫)**

# પાસપોર્ટ ગુમ કે ચોરી થાય તો તત્કાલ નહીં પણ સામાન્ય શ્રેણીમાં કરો આવેદન

### જાણકારીના અભાવે લોકો ખોટી શ્રેણીમાં આવેદન કરતા હોવાથી લાંબી પ્રક્રિયામાં ફસાયેલા રહે છે જેથી વિભાગ અને આવેદકનો સમય વેડફાય છે

નવી દિલ્હી, તા.૧૦

જાણકારીનાં અભાવમાં ખોટી શ્રેણીમાં આવેદન કરવાનાં કારણે લોકો પાસપોર્ટની લાંબી પ્રક્રિયામાં ફસાયેલા રહે છે.આથી વિભાગ અને અરજદાર બન્ને પરેશાન છે. પાસપોર્ટ ગુમ કે ચોરી થવા પર બીજી વાર તેને બનાવવા માટે લોકો તત્કાલ શ્રેણીમાં આવેદન કરી રહ્યા છે. જયારે આવી સ્થિતિમાં સામાન્ય શ્રેણીમાં આવેદન કરી શકાય છે.

ખોટા આવેદનનાં કારણે લોકોને સમયસર પાસપોર્ટ નથી મળી રહ્યા. પાસપોર્ટ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે જલદી પાસપોર્ટ મેળવવા માટે લોકો તત્કાલ શ્રેણીનો કારણ વગર ઉપયોગ કરી રહ્યા છે. આ શ્રેણીમાં નવા પાસપોર્ટ અને નવીનીકરણ માટે ત્યારે આવેદન કરી શકાય છે.જયારે આવેદકને તેની તાત્કાલીક જરૂર હોય પણ પાસપોર્ટ ચોરી થઈ જવા પર પણ તત્કાલમાં આવેદન કરી રહ્યા છે.

આ કારણે તત્કાલ શ્રેણીમાં ઓનલાઈન એપોઈમેન્ટ સ્લોટ પણ બિનજરૂરી રીતે બુક થઈ જાય છે અને જે આવેદકોને તરત પાસપોર્ટની જરૂર પડે છે. તેમને આવેદન માટે ઓનલાઈન સ્લોટ નથી મળતા હોતો. તપાસ દરમ્યાન આવા આવેદનોને રોકી દેવામાં આવે છે.

આવા આવેદનો પર વાંધા બાદ આવેદકોને ક્ષેત્રીય કાર્યાલયે બોલાવવામાં આવે છે અને તેમને બીજી વાર સામાન્ય શ્રેણીમાં આવેદન કરવા માટે કહેવામાં આવે છે કે તેની સહમતી બાદ **(જુઓ.પાનું.૫)**

# શેરબજારમાં ડેરીવેટીવ્ઝ ટ્રેડીંગની કમાણી પર ૩૦ ટકા ટેકસ ઝીંકાશે




નવી દિલ્હી, તા.૧૦

આગામી ૧૩ જુલાઈએ પેશ થનારા સામાન્ય બજેટમાં શેરબજાર માટે કેપીટલ ગેઈન ટેકસમાં રાહત મળવાની અટકળો વચ્ચે હવે એવી આશંકા વ્યકત થવા લાગી છે કે ફયુચર એન્ડ ઓપ્શન ટ્રેડીંગ પર ટેકસ વધારવામાં આવશે.

ડેરીવેટીવ્ઝ ટ્રેડીંગને ક્રિપ્ટોકરન્સીના ધોરણે ગણતરીમાં લેવામાં આવી શકે છે. ક્રિપ્ટોકરન્સી પર ૩૦ ટકા ટેકસ છે. તેજ ધોરણે ફયચુર એન્ડ ઓપ્શન ટ્રેડીંગની કમાણી પર ૩૦ ટકા ટેકસ લાદવામાં આવે તેવી શકયતા છે.

ડેરીવેટીવ્ઝ ટ્રેડીંગથી થતી આવકને સટ્ટાકીય આવક તરીકે ગણતરી કરવા તથા ટીડીએસ વસુલવા માટે પણ વિચારણા છે. એફ એન્ડ ઓ પર ટીડીએસ વસુલાયાના સંજોગોમાં સટ્ટાકીય વેપાર પર નજર પણ રાખી શકવામાં મદદ મળી શકે છે.

# રાહુલ દ્રવિડે વધુ ૨.૫૦ કરોડ લેવાની ના પાડી

### સપોર્ટ સ્ટાફ જેટલી જ ઈનામી રકમ લેશેઃ ૧૫ પ્લેયર અને હેડ કોચને પ્રત્યેકને રૂ.૫ કરોડ મળતા હતા, રાહુલે કહ્યું જે મારા પરિવારને મળશે તે જ હું સ્વીકારીશ



મુંબઈ, તા.૧૦

ગત ૨૯ જૂનના ભારત ૧૭ વર્ષ બાદ ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. આ સાથે ભારતીય ક્રિકેટ બોર્ડે રૂ.૧૨૫ કરોડના ઇનામની જાહેરાત કરી હતી. આ ઈનામમાં ૧૫ મુખ્ય ખેલાડીઓ અને હેડ કોચ રાહુલ દ્રવિડને રૂ.૫ કરોડ મળશે.

જ્યારે સપોર્ટ સ્ટાફના પ્રત્યેક સભ્યોને રૂ.૨.૫૦ કરોડ મળશે. આ ઉપરાંત રિઝર્વમાં પસંદ થયેલ ૫ ખેલાડીઓને રૂ.૧ કરોડ ને મળશે. ત્યારે હેડ કોચ રાહુલ દ્રવિડે કહ્યું કે તે ફકત ૨.૫૦ કરોડ જ લેશે. તે સપોર્ટ સ્ટાફના સભ્યોને જેટલા રૂપિયા મળે છે તેટલા જ તેઓ લેશે.

દ્રવિડે કહ્યું કે જે રકમ બેટિંગ કોચ વિક્રમ રાઠોડ, બોલિંગ કોચ અને અન્યોને મળે છે તે જ તેને મળે જેથી ટીમ સાથે વધારાના ૨.૫૦ કરોડ સ્વીકારશે નહિ. આ પ્રથમ વખત નથી જ્યારે દ્રવિડે આવું કર્યું હતું, અંડર ૧૯ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમ સમયે તેને ૫૦ લાખ મળતા હતા જ્યારે અન્યોને ૨૦ લાખ તો ત્યારે પણ દ્રવિડે ૨૦ લાખ જ સ્વીકાર્ય હતા અને કહ્યું હતેં દરેક સભ્યને ઈનામી રકમ એક સરખી આપશો.

# રાજકોટ જિલ્લા બેંક થી મંડળીઓમાં નારાજગી હોવાની ચર્ચા




## કેટલીક મંડળીઓની કફોડી સ્થિતિ : વિવિધ મંડળીઓએ ખાતા બંધ કર્યા

રાજકોટ તા.૧૦

રાજ્ય સરકાર સહકારી પ્રવૃત્તિને વેગ આપવા અથાગ પ્રયાસો કરે છે પણ બેંકો પોતાની રીતે નિયમો એવા કડક બનાવી દયે છે કે સહકારી પ્રવૃત્તિઓને ફટકો પડી રહ્યો છે. આજે રાજ્ય સરકારે વિવિધ મંડળીઓ - સભાસદ જોગ એક પરિપત્ર બહાર પાડી સહકારી મંડળીઓ અને સભાસદોને જીલ્લા મધ્યસ્થ બેંકમાં ખાતાઓ ખોલવાની સૂચના આપી છે પણ જીલ્લા બેંક ''સહકાર''ને બદલે 'અસહકાર'માં વધુ માનતી હોય તેવું વિવિધ સહકારી મંડળીઓનું કહેવું છે. રાજકોટની અનેક મંડળીઓ માટે રાજકોટ જિલ્લા બેંકે એવા આકરા નિયમો બહાર પાડયા છે જે હેઠળ ખાતા ખોલવાની વાત તો એકબાજુ રહી પણ વિવિધ મંડળીઓ ખાતાઓ - સુવિધાઓ - રોકડ શાખ વગેરે બંધ કરી ટપોટપ આ બેંક સાથે પોતાના નાતો તોડી રહી છે. રાજકોટની ટોચની સહકારી મંડળીઓના હોદ્દેદારોએ જિલ્લા બેંક પ્રત્યે ભારે નારાજગી દર્શાવતા આરોપ મૂક્યો છે કે બેંક 'સહકારી' પ્રવૃત્તિની વ્યાખ્યા ભુલી ગઇ હોય તેવું વર્તન અમારી સાથે દાખવી રહી છે. જે - જે મંડળીઓના આ બેંક સાથે ચાર થી પાંચ દાયકાના સંબંધો હોય તો તે પણ તૂટી રહ્યા છે. તેવું ચર્ચાઇ રહયું છે.એક મંડળીના હોદ્દેદારના મીડિયાને જણાવ્યા પ્રમાણે રાજકોટ જીલ્લા બેંકની નીતિ 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી છે. બેંકને ચૂનો કોઇ લગાવે અને ભરપાઇ કે ભોગવવાનું બીજી મંડળીને આવે. અત્રે એ નોંધનીય છે કે, રાજકોટ જિલ્લા બેંકને એક મંડળીએ ૧૩ થી ૧૫ કરોડનો 'ધુંબો' મારી દેતા બેંક હલબલી ઉઠી હતી અને તેણે ધડાધડ પગલાઓ લેવાનું શરૂ કર્યું. નાબાર્ડની સૂચના હોવાનું કહી આ બેંકે રોકડશાખ લેતી મંડળીઓ માટેના નિયમો એવા આકરા બનાવી દીધા કે જે કોઇપણ મંડળીને પરવડે નહિ તેથી મંડળીઓએ ગમે ત્યાંથી પૈસા ભેગા કરી બેંકની રોકડશાખ બંધ કરી, ખાતા બંધ કરી દીધા.

જિલ્લા બેંકે રોકડશાખ માટે વ્યાજ ૯.૫૦%થી વધારી ૧૧ ટકા કર્યું. લોનની સત્તા મંડળી પાસેથી આંચકી પોતાના હસ્તક લીધી, દરેક લોન લેનાર માટે જિલ્લા બેંકમાં ખાતુ ખોલાવવું ફરજીયાત કર્યું, હોદ્દેદારોને બોન્ડ ભરવા જણાવ્યું, મંડળીઓ પાસેથી બેંકે ચેકબુક પરત લઇ લીધી. આ પ્રકારના નિયમો ઉપરાંત અમુક વખત બેંકના ઉચ્ચ હોદ્દેદારોએ મંડળીઓ સાથે 'ધમકી' ભરી ભાષામાં પણ વાત કરી હોવાનું એક મંડળીના હોદ્દેદાર જણાવે છે. એટલું જ નહિ બેંકને રજૂઆતો કરી પણ પરિણામ શૂન્ય આવ્યું.

એક મંડળીના હોદ્દેદારના જણાવ્યા પ્રમાણે રાજકોટની વાત કરીએ તો એલઆઇસી, એજી, બેંક, શિક્ષકો સહિતની મંડળીઓએ આ બેંક સાથે નાતો તોડયો છે અથવા તો રોકડશાખના નિયમો નહિ સ્વીકારી ખાતા બંધ કર્યા છે.એક બાજુ સરકાર સહકારી પ્રવૃત્તિને વેગ આપવા પ્રયાસ કરે છે ત્યારે રાજકોટ જિલ્લા સહકારી બેંક જે તે મંડળીનો ઇતિહાસ, તેની કામગીરી, દાયકાના સંબંધો વગેરે ધ્યાને લઇ નિયમો રળવા કરે એ ઇચ્છનીય છે.

# પોલીસ દરોડો પાડતા આરોપી દારૂ ભરેલી કાર મૂકી ફરાર





રાજકોટ, તા.૧૦

ગોંડલ તાલુકાના લુણીવાવ ગામની સીમમાંથી પોલીએ દરોડો પાડતા આરોપી દારૂ ભરેલી કાર મૂકી ફરાર થઈ જતા, તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ એસપી નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે દારૂ તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ પર નજર રાખી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જેના પગલે ડીવાયએસપી કે. જી.ઝાલા, સર્કલ પીઆઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આર. જે. જાડેજા પોતાની ટીમ સાથે ફરજ પર હતા ત્યારે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રૂપકભાઇ બોહરા, કોન્સ્ટેબલ રવિરાજસિંહ વાળા, રણજીતભાઇ ધાધલને મળેલ બાતમીના આધારે ઉમવાડાથી લુણીવાવ જવાના રસ્તે છાપરવાડી ડેમની ઓફીસ પાસે સરકારી ખરાબામાં દરોડો પાડતા ત્યાં પડેલ એક ઇકો કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

અહીં દારૂનું કટિંગ થતું હોવાની શંકા છે. તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રૂ. ૧,૫૧,૮૦૦નો દારૂ. ૩ લાખની કિંમતની ઇક્કો કાર મળી રૂ.૪,૫૧,૮૦૦નો મુદામાલ કબ્જે કરાયો છે. કાર માલિક અને ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી પીએસઆઇ આર.જે.જાડેજા, હેડ કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ રાણા, રૂપકભાઇ બોહરા, કોન્સ્ટેબલ રવિરાજસિંહ વાળા, રણજીતભાઈ ધાધલ, સંજયભાઇ મકવાણા, રાજદેવસિંહ ચુડાસમા જયસુખભાઈ જીંજાળા વગેરે ફરજ પર રહ્યા હતા.

# રાજકોટની પરિણીતા પર સાસરિયાનો ત્રાસ



## ભાયાવદર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી

રાજકોટ તા.૧૦

ભાયાવદરમાં રહેતી ૩૧ વર્ષિય પરિણિતાએ તેના પતિ, સસરા અને દિયર વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ભાયાવદર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી ચાંદનીબેન રોહીતભાઈ આદ્રોજા (ઉ.વ.૩૧, રહે.રાજકોટ વાવડી રોડ આકાર હાઇટસ તુલશી આંગન એપાર્ટમેન્ટ, હાલ રહે ભાયાવદર) એ તેના પતિ રોહિત ધીરજલાલ આદ્રોજા, દિયર જેનીશ ધીરજલાલ આદ્રોજા અને સસરા ધીરજલાલ આદ્રોજા સામે માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ભાયાવદર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી રાજકોટમાં પ્રાઈવેટ સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે. સંતાનમાં એક દીકરો છે. તેણીનાં લગ્ન તા ૧૦/૦૫/૨૦૧૫ ના રોજ રોહિત આદ્રોજા સાથે થયાં હતાં. લગ્ન બાદ પતિ- પત્ની અને દિયર જેનીશ રાજકોટ રહેવાં આવી ગયેલ. લગ્નના અઢી વર્ષ સુધી લગ્ન જીવન સારી રીતે ચાલેલ. તેણીનો દિયર ખરાબ દ્રષ્ટિથી જોતો જે પતિને વાત કરતાં પતિ માનતો નહી. તેની તેનાં માત પિતા સાથે વાત કરતી હોય.જેથી પતિ કહેતો કે તું તારા માત પિતા કહે એમજ તું ઘરમાં કરે છે. પતિ મોબાઇલ તપાસી ખોટી શંકા કરી અવાર નવાર ઝઘડો કરી મારકૂટ કરતો. ઘર વખરીની વસ્તુ મંગાવતી તેમાં પણ રકજક કરતો. ઘરની કોઈ બાબત અંગે કહું તું પતિ, દિયર અને સસરા બોલાચાલી કરી ઝઘડો કરતાં હતાં.પતિ મનફાવે તેમ ઢીકાપાટુનો માર મારતા હોય જેથી તેણી ભાયાવદર તેના માસીના દિકરા ભાઈ દિપકભાઈ ભોજાણીને ત્યાં રહેવા આવી ગયેલ. અંતે કંટાળી પરિણિતાએ તેના પતિ, સસરા અને દિયર સામે ફરિયાદ નોંધાવી હતી. ભાયાવદર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૨૫ વર્ષીય નવોઢાનો ફાંસો ખાઈ આપઘાત



રાજકોટ. તા.૧૦

રાજકોટમાં બે પરણીતાએ આપઘાત કરી જીવન ટૂંકાવી લેતા બંનેના પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જેમાં સેટેલાઇટ ચોકમાં પાંચ મહિના પહેલાં જ પરણેલી નવોઢાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું. તેમજ દૂધસાગર રોડ પર ગૃહક્લેશથી કંટાળી ૩૫ વર્ષીય ફરજાનાબેન કાદરીએ પણ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં એક પુત્ર મા વિહોણો થયો હતો. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના દૂધસાગર રોડ રિદ્ધિ સિદ્ધિ હાઉસિંગ બોર્ડ,શેરી નંબર ૧૫ માં રહેતા ફરજાનબેન રિઝવાન ભાઈ કાદરી નામના (ઉ.વ.૩૫) પરણીતાએ ગત રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતે પોતાના ઘરે હતા ત્યારે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા,જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ફરજાનબેન બીમાર હોય,જેથી થોડા સમયથી જંગલેશ્વરમાં માવતરના ઘરે ગયા હોય,પરંતુ પતિ ગત રવિવારના રોજ તેને તેના માવતરના ઘરેથી તેડી આવતા, બંને દંપતી વચ્ચે તે મુદ્દે ચડભળ થતાં પતિના વેણનું માઠું લાગતા પરિણીતાએ પગલું ભર્યું હતું.

બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસની જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી ધોરણસરની તપાસ હાથ ધરી છે.વધુમાં પ્રાપ્ત વિગત અનુસાર ફરજાનબેનના ૧૪ વર્ષ પૂર્વે રિઝવાનભાઈ કાદરી સાથે લગ્ન થયા હતા.દંપતીને સંતાનમાં એક પુત્ર છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

આપઘાતના બીજા બનાવવામાં મળેલ વિગત મુજબ મોરબી રોડ, સેટેલાઈટ ચોક, આસ્થા વેંટીલા સોસાયટીમાં રહેતા ચાંદનીબેન જયદીપભાઇ વાજા નામના ૨૫ વર્ષીય પરણીતાએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણીને પરિવારજનો દ્વારા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી.ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. ચાંદનીબેને ક્યાં કારણોસર પગલું ભર્યું તે અંગે પરિવારને જાણ ન હોવાથી પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. પરિણીતાના લગ્ન પાંચ માસ પૂર્વે થયાં હતા અને પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. મૃતક ત્રણ બહેન બે ભાઈમાં મોટાં છે.બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# પડધરીમાં કાર હડફેટે રાહદારી વૃદ્ધનું મોત



રાજકોટ, તા.૧૦

પડધરીમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં કાર હડફેટે રાહદારી વૃદ્ધનું મોત થયું હતું. મોવૈયા સર્કલ પાસે ગઈકાલે રાતે ૮ વાગ્યા આસપાસ આ ઘટના બની હતી. મૃતક ૬૫ વર્ષીય ધીરુભાઈ સોલંકી ટ્રકમાંથી માલ ઉતારવાની મજૂરી કરતા હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

આ અંગે મળતી વિગત મુજબ, ધીરુભાઈ ભલાભાઈ સોલંકી (ઉં. વ.૬૫, રહે.પડધરી)ને ગઈકાલે રાતે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન વહેલી સવારે ૬ વાગ્યા આસપાસ તેમણે સારવારમાં દમ તોડી દીધો હતો. બનાવના પગલે પડધરી પોલીસની ટીમ રાજકોટ સિવિલ હોસ્પિટલે દોડી આવી હતી. પરિવારજનોની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, ધીરુભાઈ ટ્રકમાંથી માલ ઉતારવાની મજૂરી કરે છે.ગઈકાલે સાંજે કામ પતાવી તેવો ચાલીને ઘરે જતા હતા ત્યારે મોવૈયા સર્કલ પાસે પુરપાટ ઝડપે આવેલી કારે ધીરુભાઈને હડફેટે લીધા હતા. કાર ચાલક અકસ્માત સર્જી કાર લઈ ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત ધીરુભાઈને સારવાર અર્થે પ્રથમ પડધરીની સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ધીરુભાઈ ૪ ભાઈ અને ૪ બહેનમાં બીજા નંબરના હતા. તેમને સંતાનમાં ૨ પુત્ર અને ૨ પુત્રી છે. બનાવના પગલે પરિવારમાં ગમગીની છવાઈ હતી.

# શહેરના ત્રણેય ઝોનમા ૬.૧૫ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૦

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૪૯ આસામીઓ પાસેથી ૬.૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૯૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૩.૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૦૦૦ નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૧૫૦ નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૮૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ. તેમ જણાવ્યુ છે.

# ખંભાળિયા લાયન્સ કલબના નવા હોદ્દેદારોનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ખંભાળિયા તા.૧૦

ખંભાળિયામાં લાયન્સ ક્લબના આગામી વર્ષ ૨૦૨૪- ૨૫ ના નવા વરાયેલા હોદ્દેદારોનો અત્રે બજાણા રોડ ઉપર આવેલ ભગવતી મેરેજ હોલ ખાતે ખાતે પદગ્રહણ સમારોહ યોજાયો હતો જેમાં પ્રમુખ તરીકે ખંભાળિયાના સેવાભાવી ડો સાગર ભૂત તથા સેક્રેટરી તરીકે અગ્રણી પત્રકાર પરબતભાઈ ગઢવી તેમજ ટ્રેઝરર તરીકે હાડાભા જામ સહિતને ટીમે પદગ્રહણ લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ સૌરાષ્ટ્ર-કચ્છ વિભાગના પૂર્વ ગવર્નર ધીરેનભાઈ બદીયાણીના વરદ હસ્તે કર્યું હતું આ કાર્યક્મ તત્કાલીન પ્રમુખ લાયન નિમિષાબેન નકુમના અધ્યક્ષ સ્થાને લાયન પરેશભાઈ મહેતા, યુનુસભાઇ દારૂવાલા, ઝોન ૮ના ચેરમેન રાજેન્દ્ર રાયવડેરા સહિત લાયન્સ ક્લબના અગ્રણીઓ અને શહેરના આગેવાનને ઉપસ્થિતિમાં યોજાયો હતો આ તકે આગામી વર્ષના લાયન્સ ક્લબ ખંભાળિયાના નવા હોદ્દેદારો જેમાં ઉપપ્રમુખ તરીકે એભાભાઈ કરમુર, યોગેશભાઈ મોટાણી અને ડો અમિત નકુમ, ક્લબ કાઉન્સિલર તરીકે ઉદ્યોગપતિ પરાગભાઈ બરછા તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે ડોક્ટર ભરત વાનરીયા અને જોઈન્ટ ટ્રેઝરર તરીકે દિવ્યેશ મોદી તેમજ લાયન્સ ના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ ડો. નિલેશભાઈ રાયઠઠા, સુંદરજીભાઈ સુરેલીયા, ઘનશ્યામસિંહ જાડેજા તેમજ જી.એમ.ટી દિનેશભાઈ પોપટ, લાયન ટેમર જાનકીબેન ભૂત સહિત હોદેદારો સફથ ગ્રહણ કર્યું હતું

આ પ્રસંગે તત્કાલીન પ્રમુખ નિમિષાબેન નકુમ સૌનું સ્વાગત કરી સહયોગ આપનારનું આભાર વ્યકિત કર્યું હતું અને લાયન હાડાભા જામે ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો આ પ્રસંગે ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી લાયન્સ ક્લબ ની સેવા પ્રવૃત્તિઓને બિરદાવી, શુભેચ્છા પાઠવી સાથ સહકારની ખાતરી આપેલ હતી

નવા વરાયેલા પ્રમુખ સાગર ભૂતે આગામી વર્ષની પ્રવૃત્તિઓ ની રૂપરેખા આપી સમગ્ર ટીમ અને દાતાઓનો સહકાર પણ મળતો રહેશે અને વધુને વધુ સેવા પ્રવૃત્તિઓ દ્વારા ક્લબનું નામ ગાજતું અને ગુંજતું કરવા ખાત્રી આપેલ હતી આ તકે આગામી વર્ષના ચાર નવા સભ્યોનો સંસ્થામાં ઉમેરો કરી શપથ વિધિ કરાવવામાં આવેલ કાર્યક્રમના અંતે પરબતભાઈ ગઢવી દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો કાર્યક્રમનું સંચાલન ડો રાજેશ બરછા તેમજ દિનેશ પોપટ દ્વારા કરવામાં આવેલ હતું.તેમ જણાવ્યુ છે.

## તંત્રી લેખ

# ગીરમાં જંગલનો કાયદો

એક તરફ વરસાદી મોસમમાં ગીર વિસ્તારમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે. બીજી બાજુ સિંહના વિખ્યાત અભયારણ્ય એવા આ ગીરમાં આજકાલ જંગલનો કાયદો પ્રવર્તી રહ્યો છે. જંગલના કાયદાનો અર્થ છે કે અહીં કોઈ કાયદો જ નથી. એક જમાનો હતો જ્યારે અહીંના નેસડાઓના માલધારીઓ સમગ્ર ગીર પંથકના સ્વામી હતા. તેઓ સિંહને સન્માનથી જોતા. કેન્દ્ર સરકારે અભયારણ્યમાંથી એ માલધારીઓની ઉત્થાપના કરી ત્યારથી સિંહનું ગૌરવ જાળવવામાં કોઈને રસ નથી. ઇ.સ. ૧૯૦૦ના અરસામાં રાજાઓના શિકાર શોખને કારણે આ એશિયાઈ સિંહની વસ્તી માત્ર ૧૫ રહી હતી. ત્યારે જૂનાગઢના નવાબે સિંહના શિકાર પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. આજે ગીરના સિંહની સંખ્યા ઈ.સ. ૨૦૧૫ની ગણતરી પ્રમાણે ૫૨૩ જેટલી છે. સિંહદર્શન પાછળ છેલ્લાં બે-ત્રણ વરસથી પ્રવાસીઓ એટલા ઘેલા થયા છે કે તેઓ અહીં જંગલમાં આવે એટલે કોઈ પણ રીતે સિંહને નજરોનજર જોવાનો લ્હાવો લેવા ચાહે છે. પ્રવાસીઓની આ દર્શન લાલસાને રોકડમાં રૂપાંતરિત કરી લેવા માટે અહીં નવા લાયન ગેંગસ્ટરો અસ્તિત્વમાં આવ્યા છે.

આ લાયન ગેંગસ્ટરોને ઝડપવા બહુ આસાન છે, પરંતુ તેમની પહોંચ જંગલ અને જંગલ ખાતાના અધિકારીઓ એમ બન્ને તરફ છે. તેઓએ સરકારના સિંહ દર્શનના સત્તાવાર કાર્યક્રમને સમાંતર સિંહ જોઈ લેવા માટેના અસંખ્ય ગેરકાયદે માંચડાઓ બાંધી લીધા છે. તેઓ મન ફાવે તેવી રીતે પ્રવાસીઓનાં નાણાં ખંખેરી લે છે. સિંહ એક શાલીન પ્રાણી છે. જિંદગીનો એ એક દિલધડક અને રોમાંચક અનુભવ હોય છે જ્યારે સિંહનો સાક્ષાત્કાર થાય. લોકરસિકતાનો આ જુવાળ રાજ્ય સરકારના ફાયદામાં નથી, એનો સીધો જ ફાયદો લાયન ગેંગસ્ટરો લઇ લે છે. સ્થાનિક પોલીસનો એ દરજ્જો નથી કે તેઓ આ ગુનાઇત પરિબળો સાથે બાથ ભીડે. હાલની વધી ગયેલી ઉપદ્રવી પ્રવૃત્તિને નાથવા માટે અહીં એક સાથે ચાર-પાંચ આઈપીએસ અધિકારીઓની તેમની નવી ટીમ સાથે જરૂર છે. જો આમ નહીં કરવામાં આવે તો એશિયાઈ સિંહ પરનું આ એક પ્રકારનું ત્રાસદાયક આક્રમણ સિંહની વસ્તીના આંકડાઓને નીચે લાવી દેશે.


અન્ય પણ અનેક કારણો છે કે જેનાથી ગીરના સિંહ હવે ગીરમાં દુઃખી છે. ૧૪૧૨ ચોરસ કિલોમીટરના આ નેશનલ પાર્ક વત્તા અભયારણ્યમાં હવે સિંહનું મન માનતું નથી. સિંહની અગવડ તરફ રાજ્ય કે કેન્દ્ર સરકારનું ધ્યાન નથી. શું સિંહનું જીવન પ્રજારંજન માટે છે? આઝાદી પહેલાનાં વરસોમાં ડાંગમાં અનેક વાઘ હતા. આજે ત્યાં અવશેષ પણ નથી. સરકારે સિંહ માટે અભય વરદાન આપ્યું છે કે ચારે બાજુ પથરાઈ ગયેલા હોટેલ-રિસોર્ટ ઉદ્યોગ માટે? ગીરમાં ખરેખર નિર્ભય તો પેલા ગેરકાયદે સિંહ દર્શન કરાવતા લાયન ગેંગસ્ટરો છે.

સિંહ દંપતી, સિંહબાળ અને એમ તમામ સિંહ પરિવાર અત્યારે ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. ગેરકાયદે સિંહદર્શન કરાવતા ગેંગસ્ટરો સિંહને અંતરિયાળ વિસ્તારમાંથી બહાર લાવવા માટે પથ્થરો મારીને ખાસ દિશા તરફ નેવિગેટ કરે ત્યારે સિંહની હાલત એટલી ગૌરવહીન થઇ જય છે કે વન્યપ્રેમીઓ ધ્રૂજી ઉઠે. ગેરકાયદે સિંહ દર્શનના સ્પોટ અને એનો મધ્યરાત્રિ પછીનો નકશો પણ તૈયાર હોય છે. સિંહને અન્ય પશુઓ સાથે હવે નીલગાય ઉપરાંત હોલા, કબુતર અને કુકડા પણ હાથોહાથ આપીને ગેરકાયદે આકર્ષવામાં આવે છે.

મધ્યપ્રદેશમાં જે પાલપુર-કુણો વન્યજીવન અભ્યારણ્યમાં ગુજરાતના એશિયાઈ સિંહને વસાવવા માટે લઇ જવાની દરખાસ્ત છે તેનો ગુજરાત સરકારે વિરોધ કરતાં એ દરખાસ્ત હવે તો ઠરી ગઈ છે. છતાં એ વિવાદનો એક કેસ હજુ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ છે. મધ્યપ્રદેશનો પાલપુર એ વિસ્તાર છે જ્યાં ગીર જેટલા જ સિંહની વસ્તી હતી, જે આસપાસના લોકોના અતિક્રમણથી નામશેષ થઇ ગઈ.

# ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી મહંતસ્વામી મહારાજની રાજકોટથી વિદાય

## રાજકોટ રોકાણ દરમિયાન સત્સંગનું અમુલ્ય ભાથુ બાંધી આપતા પ.પૂ.મહંતસ્વામી મહારાજ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૦

બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ પ.પૂ.મહંતસ્વામી મહારાજ છેલ્લા ૨૬ દિવસથી રાજકોટ શહેરના ભક્તોને આધ્યાત્મિક ભક્તિરસમાં તરબોળ કરીને આજે સવારે ૧૦:૩૦ વાગ્યે રાજકોટથી વિદાય થયા હતા. રાજકોટ મંદિરના તમામ સંતો અને પુરુષ મહિલા કાર્યકરો તેમજ ભક્તોએ તેઓને ભાવભીની વિદાય આપી હતી. રાજકોટથી હવે તેઓનું વિચરણ આવનાર ૭ દિવસ એટલે કે તા.૧૮ જુલાઈ, ગુરુવાર સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન ભાદરા ખાતે રહેશે. ત્યારબાદ તેઓ બોચાસણ મુકામે બિરાજી સંતો ભક્તોને દર્શન અને આશીર્વચનનો લાભ આપશે. ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ પણ તેઓની ઉપસ્થિતિમાં બોચાસણ મુકામે યોજાશે.

રાજકોટ શહેરમાં ૨૬ દિવસના રોકાણ દરમિયાન પ.પૂ.મહંતસ્વામી મહારાજે સંતો અને ભક્તોને આશીર્વચન દ્વારા સત્સંગનું અમુલ્ય ભાથુ બાંધી આપ્યું હતું. તેઓના રાજકોટ રોકાણ દરમિયાન આપેલ આશીર્વચનમાંથી કેટલાક અંશો...

કોઈ કાર્યમાં પ્રયત્નો કર્યા પછી પણ નિષ્ફળતા મળે તો ભગવાન પર વિશ્વાસ, મહિમા અને શ્રધ્ધા રાખવા અને પ્રયત્નો ચાલુ રાખવા. ભગવાન પર છોડી દેવું. ભગવાન જે કરે છે તે બરાબર કરે છે. એમ ગુણ લેવો.

સ્વભાવ સહેલાઈથી ટળે નહિ તેના માટે મહેનત કરવી પડે, તેનો ઉપાય એ છે કે જે કાર્ય કરીએ છીએ તેમાં શ્રધ્ધા રાખીને મંડી પડવું અને ભગવાનમાં વિશ્વાસ રાખવો.

સત્સંગમાં બધાએ સાથે હળી મળીને રહેવું. કોઈ સાથે વેર ઝેર રાખવું નહીં.

પોતાના અવગુણની સામે જોવું કે મારે ક્યાં ક્યાં ભૂલો થાય છે. કોઇના અભાવ અવગુણ ન લઈએ તો અંતરમાં આનંદના ફુવારા છૂટ્યા કરે.

સત્સંગ મળ્યો છે તો સમજણ રાખવી જેથી બધા પ્રશ્નો હલ થઇ જાય.

કોઈ અપમાન કરે તો સહન કરવું. અપમાન કે દુઃખમાં ભગવાન અને અધ્યાત્મ પ્રત્યે શ્રદ્ધા ડગવા દેવી નહીં તો જ મોક્ષના માર્ગમાં ટકી શકીએ.

દરેકનું જીવન રથયાત્રા જ છે. આ જીવનરૂપી રથયાત્રામાં સુખ દુઃખ, માન અપમાન બધું આવવાનું જ પણ તેમાં સત્સંગ આપણને સ્થિર રાખે. દેહ અને આત્મા જુદા માનવા એજ સાધના છે.ઘરસભા એ પ્રમુખસ્વામી મહારાજે આપેલ સંજીવની છે માટે ઘરના તમામ સભ્યોએ ભેગા બેસીને ઘરસભા અચૂક કરવી.

સત્સંગની દ્રઢતા વધારવા સૌએ રવિસભાનો લાભ લેવો.

અત્રે ઉલ્લેખનીય છે કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર રવિવારે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન બાળકો-બાલિકાઓ માટે બાળસભા, યુવકો-યુવતીઓ માટે યુવાસભા તેમજ વડીલ પુરુષ-મહિલાઓ માટે સત્સંગ સભા યોજાતી હોય છે જેના દ્વારા ભક્તો એમના જીવનમાં આવતા વિવિધ પ્રશ્નો વચ્ચે સ્થિરતાપૂર્વક રહી સત્સંગના પાઠો દ્વારા જીવનમાં વ્યવહારિક અને આધ્યાત્મિક માર્ગે ઉત્તરોત્તર પ્રગતિ કરતા હોય છે. તેમ જણાવ્યુ છે.

# રીક્ષા ચાલકનું બિમારી સબબ મોત



રાજકોટ તા.૧૦

રામનાથ પરાના રિક્ષા ચાલકનું બિમારી સબબ મોત નિપજ્યું હતું. મૃતકને કિડની અને ફેફસાંની બીમારી હતી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ કિશોરભાઈ લવજીભાઈ ડાભી (ઉ.વ.૫૧, રહે. રામનાથ પરા શેરી નં-૨૧) તેઓને કિડની અને ફેફસાની બીમારી હતી. જેની સારવાર શરૂ હતી. તેઓની તબિયત લથડતાં તેઓને પ્રથમ ક્રાઇસ્ટ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદ તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં.

જ્યાં સારવાર બાદ તબીબે રજા આપી હતી. બાદ આજે સવારે સાડા સાત વાગ્યા આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં પરિવારજનોએ ૧૦૮ ને જાણ કરી હતી. બાદ ૧૦૮ ટીમે પ્રૌઢને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. મૃતક રિક્ષા ચલાવતાં હતાં. તેઓ ત્રણ ભાઈમાં વચેટ હતાં. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# દારૂના ગુન્હામાં આરોપી ઝડપાયો



રાજકોટ તા.૧૦

દારુના ગુન્હામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા હસનવાડીના વિજય આતરેસાને તેમના ઘર પાસેથી જ ભક્તિનગર પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં હેડકોન્સ. દિલીપભાઈ બોરીચા અને કોન્સ. વિશાલ દવે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે દારુના ગુન્હામાં છેલ્લા ચાર માસથી ફરાર વિજય અશોક આતરેસા (ઉ.30) રહે. અટીકા શિવશક્તિ ગેરેજની સામે, હસનવાડી શેરી નં.૭-૮ના કોર્નરને તેમના ઘર પાસેથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી વિજય વિરુદ્ધ દારુ, રાયોટીંગ, મારામારી જેવા અનેક ગુન્હા નોંધાવેલ છે.

# દુષ્કર્મ આચરનાર આરોપીની આગોતરા જામીન અરજી રદ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૦

રાજકોટમાં રહેતી તરૂણીના પિતા અને મામાને જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી અને મારકૂટ કરી આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ (રહે. આંબેડકર નગર, કાલાવડ રોડ, મુળ-ભીન્ડ, જીલ્લો-મધ્યપ્રદેશ) આરોપીએ વારંવાર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય ગુજાર્યાની અને પોકસો એકટ હેઠળ ભોગ બનનાર પિતા દ્વારા ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ અને ભોગબનનાર તરૂણી ઘરમાં એકલી હોય ત્યારે આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ ભોગબનનાર ઘરે આવી લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે શરીર સબંધ બાંધવા માટે નું જણાવતા ભોગબનનાર તરૂણી ઈન્કાર કરતા આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિએ ભોગબનનારના પિતા અને મામાને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિએ દુષ્કર્મ કરેલ અને સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય કરેલ તથા આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ પોતાના હસ્તકની કારમાં ભોગબનનાર તરૂણી નું અપહરણ કરી લઈ યુનીવર્સીટી રોડ ઉપર કોઈ અવાવરૂ જગ્યાએ કાર ઉભી રાખી કારમાં ભોગબનનાર તરૂણી સાથે દુષ્કર્મ કરી આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિએ ભોગબનનાર તરુણીને હવસનો શિકાર બનાવેલ.

ઉપરોકત ગુન્હાના કામે દિપક ઓમપ્રકાશ પ્રજાપતિએ કરેલ આગોતરા જામીન અરજીનો સરકાર તરફે તથા મુળ ફરીયાદીના એડવોકેટ મારફત વિરોધ કરી દલીલ કરેલ કે આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ વિરૂધ્ધ પ્રાયમાફેસી કેસ છે અને યોજના બધ્ધ ગુન્હો આચરેલ છે રોજબરોજ આવા ગુન્હાઓ વધી રહેલ છે તરૂણીને લગ્નની લાલચ આપી વિશ્વાઘાત કરી વારંવાર દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરૂધ્ધનો ગુન્હો આચરી ભોગબનનાર તરૂણીના પિતાને અને મામાને જાનથી મારી નાખવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી તરૂણીના ઘરે અને યુનીવર્સીટી રોડ પર અવવારૂ જગ્યાએ લઈ જઈ ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર ગુજારેલ હોય

બંને પક્ષેની દલીલો તેમજ પોલીસ પેપર્સ અને આઈ.ઓ. નું એફીડેવીટ તથા મુળ ફરીયાદીના લેખીત વાંધાઓ વંચાણે લેતા, રેકર્ડ જોતા આરોપી સામે નામજોગ ફરીયાદ છે ભોગ બનનારનું વિશેષ નિવેદન ધ્યાને લેતા આરોપીએ ભોગ બનનાર તરૂણીના ઘરે અવાર નવાર બળત્કાર ગુજારેલ હોય તથા આરોપીની પોતાના હસ્તક કારમાં ભોગબનનાર તરૂણીનું અપહરણ કરી બળાત્કાર કરેલ હોય અને આરોપીની હાલ તપાસ ચાલુ હોય આરોપી દિપક ઓમપ્રકાશ પ્રજાપતિ હાલ નાસતા-ભાગતા ફરે છે ત્યારે આગોતરા જામીન અરજી મંજુર કરવાથી તપાસને ગંભીર અસર પહોંચે તેમ છે, આરોપી વીરૂધ્ધ સમાજ વીરોધી ગુન્હો છે ત્યારે જામીન પર મુક્ત કરવાથી સમાજ ઉપર વીપરીત અસર થાય તેમ છે કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ ફરમાવવામાં આવેલ.

આ કેસમાં ભોગ બનનાર મુળ ફરીયાદી વતી એડવોકેટ શિન માંડલીયા, રાજદિપ દાસાણી, જયરાજસિંહ ચૌહાણ, રમીઝ સાંકરીયાણી તથા સરકાર તરફે મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# રૂ.૩૫ લાખના ચેક રીર્ટન કેસમાં આરોપી નિર્દોષ જાહેર



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૦

હિરલ ઓવરસીસના પ્રોપ્રાઈટર નિલેશભાઈ વિઠ્ઠલભાઈ જાદવ વેજીટેબલના ઈમપોર્ટ-એક્ષપોર્ટના ધંધામાં બ્રોકર તરીકે કામ કરતા હતા. નિલેશભાઈ જાદવ મારફતે યુવએક્ષપો ઓવરસીસના પ્રોપ્રાઈટર વિનોદભાઈ બાબુભાઈ ભોરણીયાએ અલગ-અલગ સમયે UAE (દુબઈ)ના મોહમદ અલી અલમીરી જનરલ ટ્રેકીંગ એલ.એલ.સી. વેજીટેબલ સામાન એક્ષપોર્ટ કરેલ અને તે અંગેના બાકી બીલની રકમ ચુકવવા ફરીયાદીને નિલેશભાઈ જાદવએ રૂા.૩૫,૦૦,૦૦૦ અંકે રૂપીયા પાત્રીસ લાખ પુરાનો ચેક આપેલ હતો. ચેક વગર વસુલાતે રીર્ટન થતા ફરીયાદીએ રાજકોટ કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ નિલેશભાઈ જાવદ વિરૂધ્ધ દાખલ કરેલ. ત્યાર બાદ કેસ રાજકોટના એડી. ચીફ જયુ. મેજી. એ. જે. સંઘવીની કોર્ટમાં ચાલતા આરોપી નિલેશભાઈ વિઠ્ઠલભાઈ જાદવ વતી રાજકોટના જાણીતા એડવોકેટ હિતેશ વી. રામાનુજએ દલીલ કરેલ તેમજ દલીલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટના અલગ અલગ ચુકાદાઓ પર આધાર રાખી મુખ્યત્વે એવી રજુઆત કરેલ કે આરોપીને રૂા.૩૫,૦૦,૦૦૦ ફરીયાદમાં જણાવેલ વ્યવહાર અંગે ચુકવવા થતા નથી તથા ફરીયાદીને કાયદેસરના લેણાની જવાબદારી પેટે આરોપીએ ચેક આપેલ નથી તથા આરોપી બ્રોકર હોવ બ્રોકર તરીકેની તમામ જવાબદારી આરોપીએ પુરી કરેલ છે તથા ફરીયાદીએ આરોપી પાસે રકમ લેવાની બાકી હતી તેવી હકીક્ત સાબીત કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી દેવા ન્યાયોચીત હોય તેવી ભારપૂર્વક રજુઆતો કરેલ હતી.

ઉપરોક્ત દલીલો તથા સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટના અલગ અલગ ચુકાદાઓ તેમજ કેસની હકીકતો ધ્યાને લઈ કોર્ટે એ ચુકાદો આપી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી દેવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં પાર્થ કન્ટ્રકશન કંપનીના ભાગીદાર વતી રાજકોટના એડવોકેટ હિતેશ વી. રામાનુજ, હરેશ ડી. જેતાણી, એડવોકેટસ તરીકે રોકાયેલા હતા.

# અકસ્માતના જુદા-જુદા ૧૩ કેસોમા રૂ. ૭૦ લાખનુ વળતર મંજુર



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)



રાજકોટ તા.૧૦

વિગતે ગત લોક અદાલતમાં અસ્માતના જુદા જુદા ૧૩ ઇન્જરીના કેસોમા માત્ર ૧ વર્ષના ટુકા ગાળામા કુલ રૂ. ૭૦,૦૦,૦૦૦ નુ વળતર મંજુર કરવામાં આવેલ હતુ

રાજકોટ જીલ્લા ઉપરાંત ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, લીંબડી, જુનાગઢ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, કોડીનાર જેવા જીલ્લામાં બનેલા જુદા - જુદા વાહન અકસ્માતના બનાવના કેસો રાજકોટમા લોક અદાલતમાં મુકાયા હતા.

રાજકોટ અને અન્ય જીલ્લાની ટ્રીબ્યુનલ તરફથી લોક અદાલતમા વાહન અકસ્માતમાં ઈજા પામનારોને જંગી વળતર મળે અને સરળતાથી કેસોનો નિકાલ થાય અને ટુકા ગાળામાં ઈજા પામનારોને વળતર મળે તે હેતુથી લોક અદાલતમાં કેસો મુકવામા આવતા હોય છે જે કેસો પૈકિ રાજકોટના એડવોકેટ કરણ ડી. કારીયા (ગઢવી) અને અર્જુન ડી. કારીયા (ગઢવી) દ્વારા ઈજા પામનારોને અને અસીલોને ઝડપી વળતર અને ટુકા ગાળામાં ન્યાય મળે અને ન કોઇ ની જીત કે ન કોઇ ની હાર તે હેતુ ધ્યાને લઇને રાજકોટમા યોજાયેલ લોક અદાલતમાં માત્રને માત્ર એક વર્ષના ટુકા ગાળામાં જુદા - જુદા ૧૩ કેસો લોક અદાલતમાં વીમા કંપની સાથે સમાધાનથી પુર્ણ કરી ઇજા પામનારોને કુલ રૂ. ૭૦,૦૦,૦૦૦નું વળતર મંજુર કરાવેલ છે. જે તમામ રકમ સામાવ-ળા વીમા કંપની તરફથી અરજદારોને ચુકવવામા આવશે.

ઉપરોક્ત અકસ્માત વળતરના કલેઈમ કેસોમા ઇજા પામનાર વતી વકીલ તરીકે રાજકોટના યુવા વકીલ કરણ ડી, કારીયા (ગઢવી) અને અર્જુન ડી. કારીયા (ગઢવી) રોકાયેલા હતા.

# વ્યાજ ચુકવ્યું છતાં વધુ રકમ માંગી ધમકી-મારકુટ



રાજકોટ તા.૧૦

શહેરની સહકાર સોસાયટી-૩ રામ નિવાસ ખાતે રહેતાં અને સોની બજારમાં જુઠા દોશીની શેરીમાં પારેખ ચેમ્બરમાં ઓફિસ નં. ૨૦૧માં સોની કામની મજૂરી કરતાં દિપેશભાઇ જગદીશભાઇ બારભાયા (ઉ.વ.૩૬) નામના યુવાને આહિર ચોકના જતીન મેઘાણી અને તેના મિત્ર વિરૂધ્ધ વ્યાજખોરીની ફરિયાદ નોંધાવી છે. ઘર ખર્ચ તથા દિકરાની સ્કૂલ ફી ભરવા માટે જરૂર હોઇ તેણે માતાના સોના દાગીના રૂા. ૧,૫૫,૦૦૦ના ગીરવે મુકી ૯૦ હજાર ૭ ટકા વ્યાજે લીધા હતાં. તેની સામે ૨,૨૬,૮૦૦ ચુકવી દીધા હોવા છતાં બંને શખ્સો વધુ વ્યાજ માંગી ધમકી દઇ મારકુટ કરતાં હોવાનું ફરિયાદમાં જણાવાયુ છે.

દિપેશભાઇ બારભાયાએ જણાવ્યું છે કે કોરોનાના લોકડાઉન દરમિયાન મારો પરિચય મારા મિત્ર જીતેશ મહેતા મારફત યુનિવર્સિટી બ્રાંચ પોસ્ટ ઓફિસમાં નોકરી કરતાં આહિર ચોક પાસે રહેતાં જતીન મેઘાણી સાથે થયોહ તો. જતીન ફાયનાન્સનો ધંધો કરતાં હોઇ તેવું મિત્ર જીતેશે કહ્યું હતું. ૨૦૨૦માં લોકડાઉન વખતે મારે રૂપિયાની જરૂર હોઇ ૭ ટકા વ્યાજે ૨૦ હજાર લીધા હતાં. છ મહિનામાં વ્યાજ સહિત ૮૪૦૦ ચુકવી દીધા હતાં. એ પછી ૨૦૨૧માં લોકડાઉનમાં ઘર ખર્ચ અને છોકરાની સ્કૂલ ખુલતા ફી ભરવા માટે રૂપિયાની જરૂર હોઇ જેથી હું આહિર ચોક ડીલક્સ પાન પાસે જતીનને મળવા ગયો હતો. તેની પાસેથી ૩૦ હજાર માંગતા તેણે સિક્યુરીટીની વાત કરતાં મેં મારા માતાની સોનાની ત્રણ વીટી આપી હતી. ૩૦ હજારનું હું નિયમીત વ્યાજ ચુકવતો હતો.

ત્યારબાદ પાંચ મહિના પછી વધુ ૪૦ હજાર ૭ ટકે લઇ તેની સામે સિક્યુરીટીમાં સોનાની કંઠી, ચેઇન, લક્કી મુક્યા હતાં. ત્યારે ૪૦ હજાર ૭ ટકા વ્યાજે આપ્યા હતા. એ પછી ફરી દોઢ મહિના બાદ ૨૦ હજાર ૭ ટકે લઇ તેની સામે સોનાની બુટી અને વીટી જતીનને આપ્યા હતાં. હું નિયમીત વ્યાજ ભરતો હતો. આ રીતે કુલ ૯૦ હજાર ૭ ટકા વ્યાજે લઇ મેં વ્યાજ રૂા. ૨,૨૬,૮૦૦ ચુકવ્યું હતું. ક્યારેક વ્યાજ ચુકવવામાં મોડુ થાય તો જતીન ફોન કરી ગર્ભીત ધમકી આપતો હતો. બે મહિના પહેલા તમામ રકમ ચુકવી આપી હતી અને સિક્યુરીટી પેટે મેં મુકેલા મારા માતાના દાગીના પાછા માંગતા જતીને હજુ જુનુ ૩ મહિનાનું ૧૮ હજાર વ્યાજ બાકી છે તે ચુકવ પછી દાગીના આપીશ તેમ કહ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રીય શાળા સામે મને બોલાવ્યો હતો. ત્યારે જતીને વ્યાજના પૈસાનું શું થયું? કહી લાફો મારી પગમાં પાટુ મારી ગાળો દીધી હતી. આ પછી પણ તેણે વ્યાજની ઉઘરાણી ચાલુ રાખી હતી.

જતીન મને તેના ફોનમાંથી પણ મને 'હું તનેગોતુ છું' તેવી વાત કરી હતી. કટકે કટકે મેં ૯૦ હજાર લઇ તેની સામે મારા માતાના ૧,૫૫,૦૦૦ના દાગીના મુક્યા હોઇ અને કુલ ૨,૨૬,૮૦૦ વ્યાજ ચુકવ્યું હોઇ છતાં જતીન અને તેનો મિત્ર ગાળો દઇ ધમકી આપી વધુ વ્યાજ માંગતા હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયાની રાહબરીમાં પીએસઆઇ પી. એસ. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં વીજળી પડતા ત્રણનાં મોત



જામનગર,તા.૧૦

હવામાન વિભાગની આગાહીને પગલે ગઈકાલે બપોર બાદ જામનગર જિલ્લામાં સચરાચર મેઘાવી માહોલ જોવા મળ્યો હતો. જોકે આ દરમિયાન આકાશી વીજળીએ રીતસરનો કહેર મચાવ્યો હોય તેવું સામે આવ્યું છે. કારણ કે એક જ દિવસમાં વીજળી પડવાને કારણે જામનગર પંથકમાં ત્રણ વ્યક્તિના મોત થયા છે. જામનગર પંથકમાં એક મહિલા અને જામજોધપુર પંથકમાં ખેડૂત તેમજ શ્રમિક યુવાનનું મોત થતા પરિવારજનોમાં અરેરાટી મચી ગઈ છે. શેઠવડાળા પોલીસ મથકે નોંધાયેલા અકાળે મોતના કેસની વિગત મુજબ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના બુટાવદર ગામે રહેતા કિરીટસિંહ મનુભા ઝાલા (ઉ.વ.૫૫) ને અવકાશી વીજળી ભરખી ગઈ છે. કિરીટસિંહ મનુભા ઝાલા ગઈકાલે પોતાના ઘરે બુટાવદર ખાતે અગાસી ઉપર હતા.આ દરમિયાન વરસાદી વાતાવરણ વચ્ચે જોરદાર વીજળીના ચમકારા થતા હતા. જે વીજળી વેરણ થઈ હતી અને કિરીટસિંહની અગાસી ઉપર વીજળી ત્રાટકતા અફરાતફરી મચી હતી.જે અંગે પરિવારજનોને જાણ થતા કિરીટસિંહને તાત્કાલિક સારવાર અર્થે જામજોધપુરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે કિરીટસિંહનું મોત થયું હોવાનું જાહેર કર્યું હતું.જે મામલે દિગપાલસિંહ કિરીટસિંહ ઝાલા એ પોલીસમાં જાણ કરતા પોલીસે નોંધ કરી તપાસ આગળ ધપાવી છે. બીજી તરફ જામજોધપુર તાલુકાના નરમાણા ગામે વેરી બનેલી વીજળીએ એક પરપ્રાંતીય યુવાનનો ભાગ લીધો છે. નરમાણા ગામ દેવરખીભાઇ અરજણભાઇ ડાંગરની વાડીએ રહી ખેત મજૂરી કરતા દુલ્જીયા ઉર્ફે મગનભાઇ દલુભાઇ ભુરીયા નામનો ૩૦ વર્ષીય યુવાન વાડીએ કામકાજ કરી રહ્યો હતો. આ વેળાએ દુલ્જીયા ઉર્ફે મગનભાઇ દલુભાઇ ભુરીયા પર કાળ બનીને અચાનક આકાશી વિજળી ખાબકી હતી. ભડથું થવાના કારણે તેનું ઘટના સ્થળેજ મૃત્યુ નીપજ્યું હતું.જામજોધપુરના નાયબ મામલતદાર ચાલુ વરસાદે બનાવના સ્થળે નદી પાર કરીને પહોંચ્યા હતા, તેમજ પોલીસની મદદ લીધી છે.આ મામલે પોલીસમાં જાણ કરાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં પ્રાથમિક વિગત અનુસાર જામનગર તાલુકાના દોઢીયા ગામમાં રહેતી મનિષાબેન નામની ૩૦ વર્ષની એક શ્રમિક યુવતીનું પણ વીજળી પડ્યા બાદ દાજી જતાં સ્થળ પરજ કમકાટીભર્યુ મોત થયાનું બહાર આવ્યું છે.આ અંગે હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ ઉપરાંત તેની સાથે ખેતી કામ કરી રહેલો અલ્પેશ નામનો ૧૮ વર્ષનો યુવક ગંભીર સ્વરૂપે દાજી ગયો હોવાથી તેને સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોનું વેચાણ ૨૦૨૩-૨૪માં રૂ. ૧.૫૫ લાખ કરોડને પાર

નવી દિલ્હી,તા.૧૦

ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોનું વેચાણ ૨૦૨૩-૨૪માં પ્રથમ વખત ૧.૫૫ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન (KVIC)ના અધ્યક્ષ મનોજ કુમારે જણાવ્યું હતું કે ૨૦૧૩-૧૪માં ખાદી ઉત્પાદનોનું વેચાણ આશરે ૩૧ હજાર કરોડ રૂપિયા હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં KVICએ ઉત્પાદન, વેચાણ અને નવી રોજગારી સર્જનમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. કુમારે કહ્યું કે, ખાદી યુવાનો માટે ફેશનનું નવું પ્રતીક બની ગયું છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીની બ્રાન્ડ શક્તિએ ખાદી ઉત્પાદનોમાં લોકોનો વિશ્વાસ વધાર્યો છે. અધ્યક્ષે કહ્યું કે, KVICનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની મહત્તમ તકો પૂરી પાડવાનો છે. કુમારે માહિતી આપી હતી કે ૨૦૧૩-૧૪માં એક કરોડ ૩૦ લાખ રોજગારી હતી, જે ૨૦૨૩-૨૪માં એક કરોડ ૮૭ લાખ થઈ ગઈ છે

# દક્ષિણ ગુજરાતમાં નહીવત વરસાદ, ઉકાઈ ડેમની સપાટી ૩૦૮.૦૬ ફુટ ઉપર પહોંચી

## ઉકાઈ જળાશયમાં ૨૨,૭૭૦ ક્યુસેક પાણીની આવક, પ્રકાશા ડેમમાંથી ૧૬ હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવતા ઉકાઈ જળાશયમાં આવકમાં વધારો

સુરત,તા,૧૦

હવામાન વિભાગ દ્વારા ગુજરાત માં ભારે વરસાદ ની આગાહી કરવામાં આવી છે દક્ષિણ ગુજરાતમાં સતત ચાર દિવસથી વરસાદ થી ગતિ મંદ પડી છે. છેલ્લા ૨૪ કલાક માં માત્ર ડાંગ ના ત્રણ, વલસાડના ત્રણ અને સુરત જિલ્લાના એક તાલુકો મળીને કુલ મિલાવીને ૭ તાલુકાઓમાં નહિવત વરસાદ નોંધાયો છે.જેમાં નવસારી અને તાપી જિલ્લો કોરાકટ રહ્યા છે. જ્યારે સુરત જિલ્લામાં એકમાત્ર ઓલપાડ સિવાય એક પણ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. બીજી તરફ ઉકાઈ ડેમની સપાટી ૩૦૮ ફૂટ અને પાર કરી ૩૦૮.૦૨ સવારે ૮ કલાકે નોંધાઈ છે.

વિવિધ ફલડ કંટ્રોલ વિભાગના સૂત્રો મુજબ હવામાન વિભાગ દ્વારા રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે પરંતુ બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી વરસાદની ગતિ ધીમી પડી છે આજે સવારે ૮ કલાકે ઉકાઈ જળાશય માં ૨૨,૭૭૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જેથી ઉકાઈ જળાશય ની સપાટી ૩૦૭ ફૂટ અને પાર કરી ૩૦૮.૦૨ ઉપર પહોંચી છે અને ઉકાઈ જળાશય માં થી ૬૦૦ ક્યુસેક પાણીનો ડિસ્ચાર્જ કરવામાં આવી રહ્યો છે સુરત ખાતે વીયર કમ કોઝવે ની સપાટી માં ઘટાડો નોંધાયો છે અને સપાટી ઘટીને સવારે ૮ કલાકે ૬.૦૨ મીટર નોંધાઈ છે તેમજ કોઝવે ઓવરફ્લો હોય તેના ઉપરથી અરબ સાગરમાં વહેતા પાણીની માત્રામાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાય ને ૧૯,૬૫૨ ક્યુસેક થયો છે.

# મોટી પાનેલીમાં પોણો ઈંચ વરસાદ



(અતુલ ચગ દ્વારા)

મોટી પાનેલી,તા.૧૦

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં ગઈકાલે બપોર પછી અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે જોરદાર અંધારું છવાયું હતું જાને બારે મેંઘ તૂટી પડશે એવા દ્રશ્યો સર્જયા હતા વાદળાઓ ની ગર્જના અને વીજળી વચ્ચે વરસાદ ચાલુ થયેલ પરંતુ ગરજ્યા મેંઘ વરસ્યા નહીં અને ઠેક ઠેકાણે કાદવ કીચડનું સામ્રાજ્ય ખડું થઈ જતા લોકોને પરેશાની નો સામનો કરવો પડ્યો એવી પરિસ્થિતિ સરજાતા ખેડૂતો પણ નાખુશ જોવા મળ્યા રાત્રી સુધી માં માંડ પોણો ઈંચ વરસાદ વરસ્યો છે અને ઉપરવાસ ના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ સારો પડતા ફુલઝર ડેમમાં બે ફૂટ નવું પાણી આવતા ડેમની સપાટી એકટાલીસ ફૂટે પહોંચી છે.

# રેડકોર્સ અને સક્ષમ સુરતનાં સહયોગથી પ્રાથમિક સારવાર તાલીમ યોજાઇ

(નટવરલાલ ભાતિયા દ્વારા)




રાજકોટ,તા.૧૦

રેડક્રોસ ચોર્યાસી બ્રાન્ચ દ્વારા સક્ષમ સુરતના સહયોગ થી દિવ્યાંગો માટે પ્રાથમીક સારવારની તાલીમનું આયોજન દિવ્યાંગ માટે ગુજરાત સરકાર માર્ગ પરીવહન વિભાગ દ્વારા હાલ કંડક્ટર ભરતી પ્રક્રિયાના ભાગરૂપે અરજી કરવાની ગતીવીધી કાર્યરત છે ત્યારે બસ કંડક્ટર માટે ફરજિયાત એવું પ્રાથમિક સારવાર ( ફસ્ટ એડ)ની તાલીમ અને સર્ટીફિકેટ માટે કતારગામ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેરહોલ્ડર્સ એસોસિએશન હોલ, સુરત ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા શાખા દ્વારા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. પ્રફુલભાઈ શિરોયા ચેરમેન ઈન્ડીયન રેડકોસ સો. ચોર્યાસીશાખા સક્ષમ ઉપાધ્યક્ષ ગુજરાત પારનૂત પ્રમુખ લોકદષ્ટી ચક્ષુબેંક રેડ કોસ બલ્ડ બેંક કમાન્ડન્ટ સુરત શહેર હોમ ગાર્ડઝ દિનેશભાઈ.જોગાણી આભર આઈ કેર ચશ્મા ઘર, ઉપ પ્રમુખ રેડકોસ બલ્ડ બેન્ક ચક્ષુ બેંન્ક ઉપાધ્યક્ષ સક્ષમ સુરત મહાનગર મનહરભાઈ ચૌહાણ ઉપાધ્યક્ષ સક્ષમ સુરત મહાનગર વિજયભાઈ દેસાઈ પ્રમુખ પરેશભાઈ લાપસીવાલા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેરહોલ્ડર્સ એસોસિએશન હાજર રહી તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું તેમજ તેમને રક્તદાન,નેત્રદાન,દેહદાન અને સરકારી યોજનાઓ ના વિવિધ પ્રકારે લાભ મેળવવા માટે ઉત્સાહિત કર્યા હતા.આ તાલીમ વર્ગોમાં તાલીમાર્થીઓને પ્રાથમીક સારવાર એટલે કે જ્યારે કોઈ અચાનક બીમાર થઈ જાય કે અકસ્માતે ઈજા પામે ત્યારે કેવી રીતે તાત્કાલિક ધોરણે પ્રથમ સહાય કરી શકાય તે બાબતે પ્રેક્ટીકલ ડેમોન્સ્ટ્રેશન અને પ્રેક્ટીસ દ્વારા વિષય ને રસપુર્વક રીતે શીખી રહ્યા છે. જે ભવિષ્યમાં સરકારી બસના કંડક્ટર તરીકે અથવા સક્ષમ નાગરીક તરીકે માનવસેવામાં મદદરુપ થશે.

# કેદારનાથના ધારાસભ્ય શૈલારાણી રાવતનું નિધન



ઉતરાખંડ,તા.૧૦

ઉત્તરાખંડમાં કેદારનાથના ધારાસભ્ય શૈલરાણી રાવતનું મંગળવારે રાત્રે નિધન થયું હતું. તેમણે દેહરાદૂનની મેક્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. ધારાસભ્યના ભાઈ અને ઉત્તરાખંડ પ્રેસ ક્લબના પ્રમુખ અજય રાણાએ આ વાતની પુષ્ટિ કરી છે. તેણી ૬૮ વર્ષની હતી. તેમના અંતિમ સંસ્કાર બુધવારે તેમના વતન ખાતે કરવામાં આવશે. ધારાસભ્ય શૈલારાણી બે દિવસથી મેક્સ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા. કરોડરજ્જુના અસ્થિભંગ માટે સર્જરી કરાવ્યા બાદ તે સ્વસ્થ થઈ શક્યા ન હતા. ૨૦૧૭ માં, શૈલારાણી રાવત વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન પડી ગઈ હતી, જેના કારણે તેમને આંતરિક ઈજા થઈ હતી.ઈજાના કારણે ફાટેલા માંસને કારણે તેને કેન્સર પણ થયું હતું. લગભગ ત્રણ વર્ષ સુધી ચાલેલી સારવાર બાદ, તે સ્વસ્થ થઈને પોતાના ઘરે પરત ફર્યા અને ફરીથી રાજકારણમાં સક્રિય થયા.

થોડા મહિના પહેલા, ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરની સીડી પરથી પડી જતાં તેની કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયું હતું. તેના પરિવારના સભ્યો તેને ઉચ્ચ કેન્દ્રમાં લઈ ગયા, જ્યાં તેની સર્જરી કરવામાં આવી, પરંતુ તે સફળ ન થઈ. તે બે દિવસથી જીવન અને મૃત્યુની લડાઈ લડી રહી હતી.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જામનગરમાં જીલ્લાની તમામ ગૌશાળા પાંજરાપોળોના સંચાલકોનું સંમેલન યોજાશે

## મોંઘવારીનાં લીધે સબસીડી દૈનિક 30 રૂપિયાના બદલે રૂ.૧૦૦ કરવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરાશે

રાજકોટ,તા.૧૦

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ રાજકોટ દ્વારા જામનગરમાં ખંભાળિયા હાઈવે પર આરાધના ધામ, ખાતે રિલાયન્સની બાજુમાં સવારે ૧૦ કલાકે જામનગર-દેવભૂમિ દ્વારકા જીલ્લાની તમામ ગૌશાળા - પાંજરાપોળોના સંચાલકોના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.આ સંમેલનમાં જામનગર આણંદાબાવા સેવા સંસ્થાના સંતશ્રી દેવપ્રસાદજી મહારાજ અને જામનગરના અગ્રણી ઉધ્યોગપતિ આર. કે. શાહ ખાસ ઉપસ્થિત આશીર્વચનો પાઠવશે. ગૌધન બચાવવા ની સાથે પ્રકૃતિ અને સમગ્ર સૃષ્ટિના રક્ષણ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે, પરંતુ છેલ્લાં કેટલાક સમયથી ગૌધનના પાલનપોષણનો ખર્ચ ગૌશાળાના સંચાલકો અને પાંજરાપોળને વધી ગયો છે , હાલ દૈનિક રૂ.૩૦ ગૌ દીઠ સબસિડી આપવામાં આવે છે તેના બદલે ઓછામાં ઓછી રૂ.૧૦૦ સબસિડી કરી આપવા સમગ્ર રાજ્યના દરેક જિલ્લામાંથી માંગ ઉઠી છે. અત્રે ઉલ્લેખનીય રહેશે કે સમગ્ર સૃષ્ટિના જીવરક્ષા માટે ખેતિ સાથે પ્રકૃતિ બચાવવા માટે ગૌ ધન બચાવવા માટે ગુજરાત સરકાર તરફથી પશુ દીઠ, દૈનિક રૂ. ૩૦ સબસિડી આપવામાં આવે છે, ગૌવંશને બચાવવા માટે ગૌપ્રેમી સરકાર દ્વારા લેવાયેવા પગલાં ખુબ સરાહનીય છે. પરંતુ પ્રવર્તમાન મોંઘવારીમાં તે ખૂબ જ ઓછા છે. સામાન્ય રીતે ગૌ ધનને બચાવવા માટે મિનિમમ રૂ. ૧૦૦ નો ખર્ચ થાય છે. તમામ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને ઉપસ્થિત રહેવા ગીર ગંગા પરિવારના દિલીપભાઈ સખીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જેમાં ગૌશાળા - પાંજરાપોળોને સ્પર્શતા અન્ય પ્રશ્નોની ચર્ચા પણ કરવામાં આવશે અને તેના નિરાકરણ માટે પણ યથા યોગ્ય મદદ કરાશે.આ સંમેલન માટે સમસ્ત મહાજનના ડો.ગિરીશ શાહ, કરુણા ફોઉન્ડેશનના મિતલ ખેતાણી, સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયાનો સહયોગ પ્રાપ્ત થયો છે, જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાની ગૌશાળા - પાંજરાપોળોના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. વધુ વિગત માટે ૯૪૨૭૨ ૦૭૮૬૮ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું

# મહાનગરપાલિકાની સમગ્ર સભાની મીટીંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકાની સમગ્ર સભાની સાધારણ પ્રિમાસિક મીટીંગ તા.૧૮-૭ને સવારે ૧૧ કલાકે મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરીમાં બીજે માળે આવેલ રમેશભાઇ છાયા સભાગૃહમાં રાખવામાં આવેલ છે. સમગ્ર સભાની સાધારણ દ્વિમાસિક મીટીંગમાં કુલ ૧૦ દરખાસ્તો મુકવામાં આવી છે.

મહાનગરપાલિકાની ટી.પી.સ્કીમ નં.૩ નાના મવા, અંતિમ ખંડ નં.૪(વાણીજય વેચાણ) હેતુ પ્લોટની ફાળવણી રદ્દ કરવા, અંગે નિર્ણય લેવાશે. શહેરના વોર્ડ નં.૧૨માં વાવડીને લાગુ રામનગર વિસ્તારમાં પીવાના પાણીની સગવડતા આપવા અંગે નિર્ણય લેવાશે. મહાનગરપાલિકાની હદમાં કડિયાનાકાથી નજીકના વિસ્તારમાં શ્રમિક બસેરા માટે જમીન ફાળવવા અંગે નિર્ણય લેવાશે. કુલ ૧૦ દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે.

## ભારતમાં હલકી ગુણવત્તાવાળા તેલનું સેવન કરતા

# ૧૦૦૦માંથી ૨૭ બાળકો મૃત્યુ પામતા હોવાનો ઘટસ્ફોટ

ન્યુયોર્ક,તા.૧૦

ભારતમાં દરેક બાબતે પશ્ચિમી દેશોનું અનુકરણ કરવાની આંધળી દોટ ચાલી રહી છે. દેશમાં લોકો ખાણીપીણી બાબતે ખાસ કરીને પશ્ચિમી ઢબ અપનાવી રહ્યાં છીએ. તેને કારણે માનવ સ્વાસ્થય સામે જોખમ ઉભું થઈ રહ્યું છે અને બળતામાં ઘી સમાન હવે વધુ કમાવવાની ઘેલછાએ ગુણવત્તામાં પણ બાંધછોડ કરવામાં આવી રહી છે. કોઈપણ આહારના સૌથી જરૂરી ઈન્ગ્રિડિયન્ટ્સ અર્થાત સામગ્રીમાં છેતરપિંડીને કરીને લોકોના સ્વાસ્થય સાથે ગંદી રમત રમવામાં આવી રહી છે. આ વચ્ચે હવે અમેરિકાની યુનિવર્સિટીના એક અહેવાલે વોર્નિંગ બેલ વગાડ્યો છે.

ભારતમાં ભોજન બનાવવા માટે વપરાઈ રહેલા ખરાબ ગુણવત્તાના તેલને કારણે પ્રત્યેક ૧,૦૦૦ બાળકોમાંથી ૨૭ બાળકોનું મૃત્યુ થઈ જાય છે. ભારતમાં રસોઈ બનાવવા માટેના ઈંધણ વિકલ્પો અને ભારતમાં બાળ મૃત્યુદર' શીર્ષકના અહેવાલમાં કોર્નેલ યુનિવર્સિટી ખાતે ચાર્લ્સ એચ. ડાયસન સ્કૂલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ એન્ડ મેનેજમેન્ટના પ્રોફેસર અર્નબ બાસુ સહિતના લેખકોએ ૧૯૯૨થી ૨૦૧૬ દરમિયાન મોટાપાયે ઘરોના સર્વેના ડેટાનો ઉપયોગ કર્યો છે. આ પ્રદૂષિત ઈંધણ માનવ સ્વાસ્થ્ય પર શું અસર કરે છે તે જાણવા માટે આ ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અંતે તારણ મળ્યું કે એક મહિના સુધીના શિશુઓ પર આ ખરાબ ખાદ્યાન્ન ઈંધણની સૌથી વધુ અસર થાય છે.



બાસુએ કહ્યું કે આ એક વય જૂથ છે જેના ફેફસાં સંપૂર્ણ રીતે વિકસિત નથી હોતા અને નવજાત બાળક પોતાનો મોટાભાગનો સમય તેમની માતાના હાથમાં જ વિતાવે છે અને માતા અનેક કિસ્સામાં આ સમયે પણ ઘરની પ્રાથમિક રસોઈયા હોય છે. અહેવાલો અનુસાર ભારતમાં દર ૧,૦૦૦ શિશુઓ અને બાળકોમાંથી ૨૭ ખરાબ રસોઈ ઈંધણના સંપર્કને કારણે મૃત્યુ પામે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના રિપોર્ટ મુજબ વિશ્વની લગભગ એક તૃતીયાંશ વસ્તી લાકડા, ગોબર અથવા પાકના કચરાનો બળતણ તરીકે ઉપયોગ કરીને ચૂલા અથવા સ્ટોવ પર ખોરાક રાંધે છે અને તેને કારણે દર વર્ષે વિશ્વભરમાં ૩૨ લાખ લોકો મૃત્યુ તરફ ધકેલાય છે.

બાસુએ કહ્યું કે આ મામલે પરિવર્તન લાવવું ખૂબ મુશ્કેલ પરંતુ શક્ય છે. મોટાભાગનું ધ્યાન બહારના હવાના પ્રદૂષણ અને પાકના કચરાને બાળવા પર કેન્દ્રિત છે. સરકાર પરાળી બાળવા સામે કાયદો બનાવી શકે છે અને ખેડૂતોને પરસળ(પરાળી) ન બાળવા માટે પ્રોત્સાહિત કરવા એડવાન્સ પેમેન્ટ કરી શકે છે. જોકે ઘરની અંદરના પ્રદૂષણ પર ધ્યાન આપવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે કારણ કે મૃત્યુઆંક ખૂબ જ વધુ છે.

બાસુએ કહ્યું કે ભારતીય ઘરોમાં આ કારણે જ છોકરાઓ કરતાં છોકરીઓ વધુ મૃત્યુ પામે છે. હવે આ પાછળનું સામાન્ય કારણ આપણે સમજીએ એ છોકરીઓ વધુ નાજુક હોય છે અથવા પ્રદૂષણ સંબંધિત શ્વસન રોગો માટે વધુ સંવેદનશીલ હશે પરંતુ ના, જવાબ કંઈક અલગ છે. ભારતમાં પુત્રોને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. પુત્રી બીમાર પડે અથવા ઉધરસ થાય ત્યારે પરિવારને આ પસંદ નથી આવતું અને પુત્રીની સારવાર પર યોગ્ય ધ્યાન નથી આપતા તેથી શિશુઅવસ્થામાં બાળકીનો મૃત્યુદર વધુ હોય છે. આથી બાસુએ રિપોર્ટમાં ટાંક્યું છે કે, 'સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરવાથી માત્ર બાળકોના સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર જ નહિ પડે પરંતુ છોકરીઓની અવગણનામાં પણ ઘટાડો થશે.'

# રાજકોટ : ફાયર સેફટીથી સજ્જ કરવા મનપાના ૧૮ હોલ બંધ કરવાનો નિર્ણય

## પ્રસંગો માટે ૨ હોલનાં બુકિંગ ચાલુ રહેશે,નવા નિયમો પ્રમાણે સેફટીના સાધનો લગાવાશે



રાજકોટ,તા.૧૦

રાજકોટનાં TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ અંતે મનપાનું તંત્ર જાગ્યું છે અને રાજકોટ મનપાનાં બધા કોમ્યુનિટી હોલને ફાયર સેફટીથી સજ્જ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આગામી ઓગસ્ટ મહિનાથી ૨ સિવાયના તમામ હોલનાં નવા બુકિંગ બંધ કરી દેવામાં આવ્યા છે. ચાલુ મહિનામાં લગ્નસરાની સિઝન છે. આ મહિનામાં જ લગ્નના મુહૂર્ત હોવાથી અનેક પરિવારો દ્વારા લગ્નસરા ગોઠવાયેલા હતા પણ મહાપાલિકાએ ખાનગી હોલ, પાર્ટી પ્લોટમાં સીલ મારવાની કરેલી કામગીરીને પગલે અનેક પરિવાર માટે સમસ્યાઓ ઉભી થઈ છે, ત્યારે હવે મનપાના લગ્ન હોલ પણ આગામી માસથી ફાયર સિસ્ટમ માટે બંધ કરવામાં આવી રહ્યા છે.મળતી માહિતી અનુસાર મહાપાલિકા પાસે ૨૧ કોમ્યુનિટી હોલ છે. તેમાંથી એક હોલ રિનોવેશનમાં મૂકાયેલો છે. બાકીના ૨૦ ચાલુ માસમાં ૨૦૦ જેટલા બુકિંગ મળેલા છે અને આ માસ બાદ ૧૮ હોલ ફાયર સેફટીથી સજ્જ કરવા માટે બંધ કરવાના હોવાથી બુકિંગ બંધ કરવાનો નિર્ણય થયો છે. બાકીના બે હોલ અભય ભારદ્વાજ હોલ અને અમૃત થાયલ હોલમાં આધુનિક ફાયર સિસ્ટમ લાગેલી હોવાથી તેને ચાલુ રાખવામાં આવનાર છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, મનપાના કોમ્યુનિટી હોલ પ્રમાણમાં સસ્તા અને સુવિધા સભર હોવાથી ગરીબ પરિવારો માટે લગ્નસરા કે અન્ય પ્રસંગો માટે તેની પહેલી પસંદગી હોય છે. મનપા ઓનલાઈન બુકિંગ સાઈટ ખોલે ત્યારે હોલ ગણતરીની મિનિટોમાં ફૂલ થઈ જતા હોય છે. જોકે TRP અગ્નિકાંડ બાદ આ પૈકીના ઘણા હોલમાં આધુનિક ફાયર સિસ્ટમ નહીં હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેને પગલે ઓગસ્ટમાં આ કામગીરી કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં મનપા સંચાલિત ૨૧ પૈકી હાલ ચાલુ ૨૦ કોમ્યુનિટી હોલમાંથી ૧૮માં આ કામગીરી કરવામાં આવનાર છે. આ તમામ કામગીરી એક મહિનામાં પૂર્ણ કરી લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ માસમાં ૫ જેટલા ચોખ્ખા મુહૂર્ત છે. ત્યારે મનપાના ૨૦ હોલમાં ૨૦૦ બુકિંગ થયેલા છે. જેને લઈને ઓગસ્ટમાં ફાયર સેફટીના સાધનો ફિટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મનપાના હોલમાં ફાયર એકસ્ટીગ્યુસર સિસ્ટમ છે પણ નવા નિયમો પ્રમાણે સ્પ્રિંકલર, એલાર્મ જેવા સાધનો ફિટ કરવામાં આવનાર છે. મનપા પોતાના કોમ્યુનિટી હોલમાં ફાયર એનઓસી લેનાર છે. આ માટે આગામી માસમાં કાર્યવાહી કરવામાં આવશે.

# અષાઢી બીજે ૫૬૬ વાહનનું વેંચાણ

## ૨૧ નવી મોટરકારની ડિલેવરી પણ થઇ : ટેકસની ૨૧.૫ લાખની આવક





રાજકોટ,તા.૧૦

રાજકોટમાં અષાઢી બીજના તહેવારના દિવસોમાં ઓટોમોબાઈલ માર્કેટમાં પણ શુકનવંતી ખરીદી થઇ હતી. શનિ- રવિ અને સોમવારે ૫૬૬ જેટલા વાહનનું વેંચાણ થયું હતું જેમાં ૫૪૫ ટુ વ્હીલર હતા. જે પેટે મનપાને ૨૧.૫ લાખ જેટલી વ્હીકલ ટેકસની આવક થયાનું જાણવા મળ્યું હતું.મનપા ટેકસ બ્રાંચમાંથી મળતી વિગત મુજબ તા.૭ના રવિવારે અષાઢી બીજની ઉજવણી થઇ હતી. તેના આગલા દિવસે તા.૬ના રોજ શહેરમાં ૨૩૦ વાહનના વેંચાણ થતા આ દિવસે કોપો.ને ટેકસની ૧૦.૯૪ લાખની આવક થઇ છે. તેમાં ૧૮૮ ટુ વ્હીલર હતા તો ૩૪ જેટલી કારના વેંચાણ થયા હતા. તા. ૮ના રોજ પણ ૨૫૩ ટુ વ્હીલર સહિત ૩૩૨ વાહનોના વેંચાણ થયા હતા. જેનાથી મનપાને ૧૦.૪૭ લાખ ટેકસની આવક થઇ હતી. તા.૮ના રોજ ૫૮ સીએનજી થ્રી વ્હીલર વાહનનું પણ વેંચાણ થયું હતું. આ દિવસે મનપાને ૧૦.૪૭ લાખની વાહન વેરાની આવક થઇ હતી.

# UGના છઠ્ઠા અને PGના ચોથા સેમેસ્ટરની ૧૫ જુલાઈથી પરીક્ષા

રાજકોટ,તા.૧૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને ભવનોના યુજી અને પીજીના જુદા જુદા ૨૪ જેટલા કોર્સની આગામી તારીખ ૧૫ જુલાઈથી પરીક્ષા શરૂ થઇ રહી છે. યુજીના સેમેસ્ટર-૬ અને પીજીના સેમેસ્ટર-૪ની પરીક્ષા સવારે ૧૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા કેન્દ્રો પર લેવાશે. ૧૫ જુલાઈથી શરૂ થનારી પરીક્ષા ૨૩ જુલાઈ સુધી ચાલશે. આ પરીક્ષા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામકે સંલગ્ન તમામ વિદ્યાશાખાના કોલેજોના આચાર્યો અને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનના અધ્યક્ષોને પરિપત્ર મોકલીને જાણ કરી દેવામાં આવી છે.યુજીના છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષામાં આર્ટસ ફેકલ્ટીમાં બીએ રેગ્યુલર અને એકસટર્નલ, બીએસડબલ્યુની પરીક્ષા લેવાશે. મેનેજમેન્ટ ફેકલ્ટીમાં બીબીએ, કોમર્સમાં બી.કોમ રેગ્યુલર અને એકસટર્નલ, સાયન્સમાં બીસીએ, બીએસસી આઈટી, બીએસસી, હોમસાયન્સ ફેકલ્ટીમાં બીએસસી હોમસાયન્સ, પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીમાં બીપીએ, રૂરલ સ્ટડીઝમાં બીઆરએસ, લો ફેકલ્ટીમાં એલએલબી (૨૦૧૯) અને બીએ એલએલબીની પરીક્ષા લેવાશે. જ્યારે પીજીના ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં એમએ રેગ્યુલર અને એકસટર્નલ, એમ.કોમ રેગ્યુલર અને એકસટર્નલ, એમએસસી ઓલ, એમએસસી હોમસાયન્સ, એજ્યુકેશન ફેકલ્ટીમાં એમ.એડ, બી.એડ, બી.એડ ઈંગ્લિશ, બી.એડ બેઝિક, એમપીએ, એમઆરએસ સહિતના કોર્સની પરીક્ષા લેવાશે.

# પાંચ સફાઈ કામદારોના વારસદારોને સફાઈ સહાયક તરીકે નિમણૂંકપત્ર એનાયત કરતા પદાધિકારીઓ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ૫ (પાંચ) સફાઈ કામદારોના વારસદારોને સફાઈ સહાયક તરીકે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુના વરદ હસ્તે નિમણૂંકપત્ર એનાયત કરવામાં આવ્યા.

આ અવસરે મેયર નયનાબેન પેઢડીયાએ સૌપ્રથમ નિમણુંક પામતા તમામ સફાઈ કામદારોને શુભેચ્છા પાઠવી પ્રામાણિકતાથી અને શિસ્ત-બધ્ધ રીતે ફરજ નિભાવવા તેમજ શહેરની સ્વચ્છતા માટે તમારું ખુબ મોટું યોગદાન હોય છે તેવું જણાવેલ. મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને વખતોવખત તેઓની કામગીરી બદલ બેસ્ટ સફાઈ કામદાર એવોર્ડ પણ આપવામાં આવે છે.

વિશેષમાં, જે સંસ્થા આપણને નોકરી આપે તે સંસ્થામાં આપણે શ્રેષ્ઠ, પ્રમાણિકતાથી અને પુરા ખંતથી કામગીરી કરી સંસ્થાનું ઋણ ચુકવવું જોઈએ.તેમ મેયરએ અંતમાં જણાવેલ.

# સાયબર ફ્રોડમાં તપાસ એજન્સીઓ આડેધડ એકાઉન્ટ ફ્રીઝ કરવાની પ્રથા તાકીદે બંધ કરે

અમદાવાદ,તા.૧૦

માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ દેશભરમાં સાયબર ફ્રોડ ચરમસીમાએ છે. અધિકારીઓ પણ તેની તપાસમાં મહેનત કરી રહ્યા છે ત્યારે સીઆઇડી ક્રાઇમ અને સાયબર ક્રાઇમબ્રાંચ સહિતની એજન્સીઓના અધિકારીઓ દ્વારા આવા કિસ્સામાં તપાસ માટે તમામ એકાઉન્ટ ફ્રીઝ કરી દેવાતા હોય છે. જેની ઘણી ફરિયાદો ઉઠી હતી. જેને પગલે ડીજીપી વિકાસ સહાયે આ મુદ્દે ખાસ સૂચન જારી કર્યા છે. જેમાં સાયબર ફ્રોડની રકમ જે તે એકાઉન્ટમાં ગઇ હોય તો એકાઉન્ટ ફ્રીઝ કરવાને બદલે આવી શંકાસ્પદ રકમ ફ્રીઝ કરવાનું સૂચન કરાયું છે. ગઠિયાઓ દ્વારા આવી રકમ મલ્ટી ટ્રાન્જેક્શન કરીને જુદા જુદા એકાઉન્ટમાં ફેરવી દેતા હોય છે ત્યારે ડીજીપીએ આવા ૩ લેયર સુધીની તપાસ કરીને તેમાં ૫ લાખથી ઓછાના ફ્રોડમાં શંકાસ્પદ રકમ(લિયન એમાઉન્ટ) જ ફ્રીઝ કરવાની સૂચના આપી છે જયારે ૫ લાખની વધુના ફ્રોડમાં ત્રણેય લેયરની સંપૂર્ણ એમાઉન્ટ ફ્રીઝ કરવાની રહેશે, પરંતુ તથ્યો ધ્યાને લઇને અનફ્રીઝ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવા સૂચન કર્યા છે.

જુનાગઢમાં ક્રિકેટ સટ્ટાકાંડની તપાસકાડમાં ફરજ પરના અધિકારીઓ ફ્રીઝ કરેલા એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે ખાતેદાર પાસેથી લાખો રૂપિયાની માગણી કરી હતી. જે ફરિયાદ પૂર્વ કેન્દ્રીય મંત્રીના માધ્યમથી ગાંધીનગર સુધી પહોંચી હતી. તપાસ દરમિયાન ત્રણ પોલીસ અધિકારીની ધરપકડ કરાઇ છે. આવી જ સ્થિતિ સમગ્ર રાજયમાં કોઇ પણ સાયબર ફ્રોડ થાય તો ઉત્સાહી પોલીસ અધિકારીઓ તરત જ બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દેતા હતા. ઘણા કિસ્સામાં જે ખાતેદાર અજાણ હોય તો પણ તેમના ખાતા પણ ફ્રીઝ થતા હતા. ચાલાક ગઠિયાઓ જેને ટાર્ગેટ કરે તેની પાસેથી ઓનલાઇન ટ્રાન્જેકશન બીજા ટાર્ગેટના ખાતામાં કરાવતા હોય છે. આ પરિસ્થિતિમાં તો ભોગ બનનારનું પણ એકાઉન્ટ ફ્રીઝ થઇ ગયું હતું. આ બાબત ડીજીપીના ધ્યાને આવતાં તેમણે સાયબર ફ્રોડના કિસ્સામાં લેયર ૧થી ૩ના ખાતેદાર જો અગાઉ કોઇ નાણાંકીય ફ્રોડમાં સંડોવાયેલા ન હોય અને ફ્રોડની રકમ પાંચ લાખથી ઓછી હોય તો આવા ખાતેદારની માત્ર લિયન એમાઉન્ટ જ ફ્રીઝ કરવાની રહેશે.

કોઇ પણ ફ્રોડમાં લિયન એમાઉન્ટને ફ્રીઝ કરીને તપાસ કરવાથી એજન્સીને પણ સરળતા રહે અને ખાતેદારની પણ કોઇ ફરિયાદ રહે નહીં. આ ઉપરાંત તપાસ દરમિયાન ફ્રીઝ કરી દેવાયેલા એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે પણ ખૂબ જ રજૂઆતો આવતી હતી. જેને પગલે આ લિયન એમાઉન્ટ ફ્રીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. સાયબર ફ્રોડ કરનાર સામે કડક પગલાં લેવાશે જયારે નિર્દોષ લોકો પરેશાન થાય નહીં તેની પણ તકેદારી રખાશે.

# રાજકોટ : લોકમેળામાં તમામ સ્ટોલમાં સીસીટીવી - ફાયરના સાધનો ફરજીયાત

## ફિટનેશ સર્ટીફીકેટ વગર એક પણ સ્ટોલને મંજુરી નહીં



રાજકોટ,તા.૯

રાજકોટ લોકમેળા સમિતિ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ઓગષ્ટ માસમાં જન્માષ્ટમી મહોત્સવને અનુલક્ષીને રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલ ભાતીગળ લોકમેળાની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ લોકમેળામાં આ વખતે ડ્રોનથી મેળાનું મોનીટરીંગ કરવામાં આવનાર છે.આ ઉપરાંત લોકમેળાના તમામ સ્ટોલમાં સીસીટીવી કેમેરા અને ફાયરના સાધનો ફરજીયાત કરવામાં આવેલ છે. ફીટનેશ સર્ટીફીકેટ વગર એક પણ રાઈડ્સને મંજૂરી આપવામાં આવશે નહીં.અત્યાર સુધી લોકમેળામાં બે પ્લોટમાં ત્રણ રાઈડ્સ વાળાને મંજૂરી આપવામાં આવતી હતી જેમાં આ વખતે એક પ્લોટમાં એક જ રાઈડ્સને મંજૂરી આપવાનો ગઈકાલે જીલ્લા કલેકટર દ્વારા માર્ગ મકાન વિભાગ અને પ્રાંત અધિકારીઓ સાથે યોજાયેલ બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ હતો.અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લોકમેળામાં ખાણી-પીણી, રમકડા સહિતના કુલ ૩૫૫ પ્લોટ રાખવામાં આવેલ હતા. આ વખતે તેમાં ૩૬ સ્ટોલનો ઘટાડો કરવામાં આવેલ છે. આવી જ રીતે નાના ચકરડીના પ્લોટની સંખ્યા ૫૨થી ઘટીને ૩૨ થશે. જયારે ઈ, એફ, જી-૧, જી-૨ અને એચ કેટેગરીના યાંત્રિકના ૨૨ પ્લોટ રહેશે. ગત વર્ષે આ પ્લોટની સંખ્યા ૪૪ની હતી.ગત વર્ષે રમકડાના ૧૭૮, ખાણી-પીણીના ૧૪, મધ્યમ ચકરડીના ૪, નાની ચકરડીના ૨૮, અન્ય નાની ચકરડીના ૨૦, ખાણીપીણીના ૩૪, રાઈડ્સના ૪૪, આઈસ્ક્રીમના ૧૬, ફુડ કોટના ૩, ટી કોર્નર-૧ અને વિવિધ સંસ્થાઓના મળી કુલ ૩૫૫ પ્લોટ હતા જેમાં આ વખતે ઘટાડો કરવામાં આવેલ છે. લોકમેળાની બહાર બેરીકેડની ત્રણ બાઉન્ડ્રી લાઈન રાખવામાં આવશે. જેથી લોકમેળામાં લોકોની ગીર્દી વધતા જ લોકોની એન્ટ્રીને રોક લગાવી દેવામાં આવશે. આ ઉપરાંત લોકમેળાના કંટ્રોલ રૂમમાં રૂબરૂ પહોંચી કલેકટર તપાસ કરતા રહેશે.

## અનુસંધાન પહેલા પાનાનું

### યુપીના ઉન્નાવમાં ગમખ્વાર અકસ્માતઃ ૧૮નાં મોત

સારવાર ચાલી રહી છે. ૪ ગંભીર રીતે ઘાયલોને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે.

બસ બિહારના સિવાનથી દિલ્હી જઈ રહી હતી. જ્યારે તે ઉન્નાવના બાંગરમાઉ પહોંચી, ત્યારે પાછળથી એક સ્પીડમાં આવતા દૂધના ટેન્કરે તેને ઓવરટેક કરી. ઓવરટેક દરમિયાન બસ બેકાબૂ થઈને ટેન્કર સાથે અથડાઈ હતી. અકસ્માત અંગે આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી.

બાંગરમાઉ ઈન્સ્પેક્ટર રાજકુમાર પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. ઘાયલોને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર બાંગરમાઉમાં લઈ જવામાં આવ્યા હતા. અહીં ડોક્ટરોએ ૧૮ લોકોને મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરોએ ગંભીર રીતે ઘાયલોને લખનૌના ટ્રોમા સેન્ટરમાં રિફર કર્યા છે.

સીએમ યોગીએ આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું- અકસ્માત કાળજું કંપાવી દે તેવો છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને રાહત કાર્યમાં ઝડપ લાવવા સૂચના આપી છે. ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે કહ્યું- અમે બિહાર સરકારના સંપર્કમાં છીએ. તપાસ બાદ ઘટનાનું કારણ જાણવા મળશે.

### પાસપોર્ટ ગુમ કે ચોરી થાય તો તત્કાલ નહીં પણ સામાન્ય શ્રેણીમાં કરો આવેદન

આવેદનને તત્કાલમાંથી સામાન્ય શ્રેણીમાં પરિવર્તીત કરવામાં આવે છે.

તત્કાલ યોજનામાં અરજદારને પહેલા પાસપોર્ટ ઈસ્યુ કરી દેવામાં આવે છે અને બાદમાં પોલીસ વેરીફીકેશન કરવામાં આવે છે.ચોરી કે ગુમ થયા બાદ કરવામાં આવેલ તત્કાલ શ્રેણીનાં આવેદનમાં શંકા રહે છે કે આવેદક દ્વારા જાણકારી છુપાવવામાં આવે છે. એટલે વેરીફીકેશન બાદ જ પાસપોર્ટ ઈસ્યુ કરવામાં આવે છે.

સમસ્યા પેદા થવા પર તત્કાલ પોલીસ સ્ટેશનને જાણ કરી રીપોર્ટ નોંધાવો. જો આપ વિદેશમાં હો તો તત્કાલ દુતાવાસને જાણ કરો.ખોવાયેલા પાસપોર્ટ ઈસ્યુ કરાવવા માટે સામાન્ય શ્રેણીમાં આવેદન કરો. ઓનલાઈન આવેદન કરી ફી ભરી એપોઈન્ટમેન્ટ મેળવી લો.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### લાંચ લઇ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડયું ન હતું

તપાસમાં થયેલા આ ખુલાસાથી સ્પષ્ટ થયું છે કે જો જે-તે વખતે જ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું હોત તો કદાચીત ૨૭ નિર્દોષ લોકોનો ભોગ ન લેવાત. એટલું જ નહીં એસીબી સમક્ષની સાગઠિયાની બીજી કબુલાતથી પણ સ્પષ્ટ થઈ ગયું છે કે તેણે મનપામાં મોટાપાયે, પેટભરીને કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો હતો.

એટલું જ નહીં તેના ભાઈની ઓફિસમાંથી એસીબીને ૧૫ કરોડની કિંમતનું ૨૨ કિલો સોનું અને ૩ કરોડની રોકડ મળી કુલ રૂપિયા ૧૮ કરોડથી વધુની મત્તા મળી હતી, તે પણ ભ્રષ્ટાચારની જ હોવાનું પણ સાગઠિયાએ કબૂલી લીધું છે. એટલે કે સોનાના દાગીના ભ્રષ્ટાચારની રકમમાંથી જ ખરીદવામાં આવ્યા હતા. જયોરે ૩ કરોડની રોકડ રકમ પણ ભ્રષ્ટાચારની જ હતી તેવો ખુલાસો પણ એસીબીની તપાસ પરથી થયો છે. એસીબીના અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે સાગઠિયાએ કોની-કોની પાસેથી લાંચની રકમ લીધી તેનો ખુલાસો કર્યો નથી અને તે બાબતના હવે કોઈ પુરાવા મળશે કે કેમ તે પણ મોટો સવાલ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઇનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઇન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રાજકોટ જિલ્લામાં મેઘરાજાનો બીજો રાઉન્ડ શરૂ: ૧ થી ૫ ઈંચ વરસ્યો

## લોધીકામાં-૫, ધોરાજીમાં-૩.૫, કંડોરણામાં-૨, ગોંડલમાં ૧.૫, રાજકોટ શહેરમાં જેતપુર-ઉપલેટામાં એક-એક ઈંચ: સોરઠ અને જામનગર જિલ્લામાં-૪ ઈંચ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૦

રાજકોટ જિલ્લા સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૨૪ કલાકે દરમ્યાન ૧ થી ૫ ઈંચ સુધીનો વરસાદ જુદા-જુદા જિલ્લામાં પડયો હતો.ખાસ કરીને રાજકોટ જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન, ૧ થી ૫ ઈંચ ખાબકયો હતો. જેમાં,સૌથી વધુ લોધીકામાં-૫, ધોરાજીમાં-૩.૫, જામકંડોરણામાં -૨ ગોંડલમાં ૧.૫ ઈંચ, રાજકોટ શહેરમાં સવા ઈંચ, તથા જેતપુર-ઉપલેટામાં એક-એક ઈંચ વરસાદ વરસી જતા લોકો અને ખેડૂતો ખુશખૂશાલ બન્યા હતાં.આ ઉપરાંત સૌરાષ્ટ્ર-ક્ચ્છમાં પણ ૧ થી ૫ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો.જેમાં ગીરસોમનાથમાં ૪.૫, કચ્છનાં નખત્રાણા અને અંજારમાં અઢી, તથા જામનગર જિલ્લામાં-૪ અને સોરઠમાં પણ ૧ થી ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો.

મોરબી જિલ્લા ૨૪ કલાકથી અસહાય બફારો અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે ત્યારે છેલ્લા ૨૪ કલાકના વરસાદની વાત કરીએ તો માળીયા તાલુકામાં દોઢ અને મોરબી તાલુકામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધેયલ છે બીજા તાલુકામાં નજીવો વરસાદ પડ્યો હતો. જો કે, સિઝનમાં અત્યાર સુધીમાં સૌથી વધી ૧૪ ઈંચ વરસાદ ટંકારા તાલુકામાં નોંધાયેલ છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે ત્યારે મોરબી જિલ્લાના પાંચેય તાલુકામાં હજુ પણ મેઘરાજા હાઉકલી કરી રહ્યા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે કેમ કે, ગઈકાલે આખા દિવસમાં બે તાલુકાને બાદ કરતાં ત્રણ તાલુકામાં નજીવો વરસાદ નોંધાયેલ છે હાલમાં મોરબી જિલ્લાના કન્ટ્રોલ રૂમમાંથી મળી રહેલ માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં માળીયા મિયાણામાં ૩૯ મીમી, મોરબીમાં ૨૨ મીમી, ટંકારામાં ૧૯ મીમી, વાંકાનેરમાં ૧૮ મીમી અને હળવદ તાલુકામાં ૫ મીમી વરસાદ નોંધાયેલ છે. અત્રે ઉલેખનીય છે કે, સિઝનના કુલ વરસાદની વાત કરીએ તો માળીયા મિયાણામાં ૮૩ મીમી, મોરબીમાં ૨૮૭ મીમી, ટંકારામાં ૩૫૫ મીમી, વાંકાનેરમાં ૧૪૭ મીમી અને હળવદ તાલુકામાં ૧૬૮ મીમી પડ્યો છે.

જામનગર જિલ્લામાં ગઈકાલે સાંજે એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ વિજળીના કડાકા-ભડાકા વચ્ચે જિલ્લામાં અડધોથી પોણા ચાર ઈંચ જેટલો વરસાદ થતાં નદી-નાળાઓમાં ઘોડાપુર આવ્યા હતાં અને ગ્રામ્ય વિસ્તારમાં કોઝવે ઉપરથી પુરના પાણી ફરી વળતાં હતાં. જિલ્લામાં સૌથી વધુ વરસાદ જામજોધપુર તાલુકાના સમાણામાં પોણા ચાર ઈંચ ખાબક્યો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ ધ્રોલ તાલુકાના લતીપરમાં માત્ર હળવા ઝાપટા થતાં જ ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફેલાયું હતું.

જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જામનગરમાં ૨૧ મીમી, જોડિયામાં ૩૨ મીમી, ધ્રોલમાં ૧૬ મીમી, કાલાવડમાં ૧૪ મીમી, લાલપુરમાં ૩૭ મીમી અને જામજોધપુરમાં ૪૩ મીમી વરસાદ નોંધાયો હતો.

જામનગર તાલુકાના વસઈમાં સવા ઈંચ, લાખાબાવળમાં એક ઈંચ, મોટીબાણુગારમાં અઢી ઈંચ, ફલ્લામાં સવા ઈંચ, મોટી ભલસાણમાં પોણો ઈંચ, દરેડમાં સવા ઈંચ વરસાદ પીએચસીમાં નોંધાયો છે. જોડિયા તાલુકામના હડિયાણાના ત્રણ ઈંચ, બાલંભામાં સવા બે ઈંચ, પીઠડમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ધ્રોલ તાલુકાના જાલિયાદેવાણી અને લૈયારામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

કાલાવડ તાલુકાના નિકાવામાં પોણા ત્રણ ઈંચ, મોટાવડાળામાં પોણો ઈંચ, ભલસાણ બેરાજામાં અઢી ઈંચ, નવાગામમાં સવા ઈંચ, મોટા પાંચદેવડામાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામજોધપુર તાલુકાના સમાણામાં પોણા ચાર ઈંચ, શેઠવડાળામાં પોણા ત્રણ ઈંચ, જામવાડીમાં દોઢ ઈંચ, વાંસજાળિયામાં બે ઈંચ, ધ્રાફામાં ત્રણ ઈંચ, ધૂનડામાં સવા ઈંચ, પરડવામાં સવા ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે લાલપુર તાલુકાના પીપરટોડા, ભણગોર, મોડપરમાં સવા ઈંચ વરસાદ અને પડાણામાં પોણો ઈંચ અને હરિપરમાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો.

# રાજકોટ જીલ્લાના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટ ફાળવાઈ

## મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય જીતુ સોમાણીનો આભાર માનતા ભુપત બોદર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૦

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરએ રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે માતબર રકમની ગ્રાન્ટની ફાળવણી કરવા બદલ જાહેર આભાર વ્યકત કરતા જણાવેલ હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા સર્વ સમાવેશક અને સર્વવ્યાપી વિકાસ થયો છે ત્યારે શહેરો, નગરોની સાથોસાથ ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને અનેકવિધ વિકાસ કાર્યો થકી ગ્રામીણ વિકાસને અગ્રીમતા આપવામાં આવી છે. આમ ખરા અર્થમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીજીની કલ્પનાનું 'ગ્રામરાજય' અને પં.દીનદયાળજીની વિચારધારા 'છેવાડાના માનવી' માટે સર્વાંગિ વિકાસલક્ષી યોજનાઓ ઘડવામાં આવી છે. અને રાજયની ભાજપ સરકાર દ્વારા પણ કૃષિલક્ષી, ગરીબલક્ષી અને ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપતી લોકહીતકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

ત્યારે રાજયના કેબીનેટ મંત્રી અને રાજકોટ વિધાનસભા-૭૧ના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા દ્વારા રાજકોટ જિલ્લાના કસ્તુરબા ધામ જિલ્લા પંચાયત સીટના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જેમાં રાજકોટ જિલ્લાના કાળીપાટ ગામે એપ્રોચ રોડથી રામજી મંદિર ચોરા સુધી આર.સી.સી. રોડના કામ માટે રૂા.૪.૯૦ લાખ, કાથરોટા ગામે કોઝવે (કાથરોટા ગામે ધીરૂ જાદવ મેરની વાડી પાસે કોઝવે બનાવવાના કામ) માટે રૂા.૪ લાખ, લોઠડા ગામે ઘટતી ભૂગર્ભ ગટર (લોઠડા ગામે નવી સ્કુલથી બેચરભાઈ ભરવાડના ઘર તરફ ભૂગર્ભગટરનું કામ તથા અન્ય શેરીઓમાં ભૂગર્ભ ગટરનું કામ) રૂા.૪ લાખ, વડાળી ગામે પેવરબ્લોક, સ્મશાનમાં ખૂટતા પેવરબ્લોકના કામ માટે રૂા. ૪ લાખ, લોધીડા ગામે સુખનાથ સોસાયટીમાં પેવર બ્લોકના કામ માટે રૂા.૪ લાખ, ત્રંબા કસ્તુરબાધામ ગામે જુના પાદર હનુમાનજી મંદીર સુધી ઘટતા સી.સી. રોડના કામ માટે રૂા.૫ લાખ, હડમતીયા (ગોલીડા) ગામે ઘટતી ભૂગર્ભ ગટર કામ માટે રૂ. ૨ લાખ. કસ્તુરબા ધામ જિલ્લા પંચાયત સીટમાં બેસવાના બાંકડા માટે રૂા.૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની ગ્રાન્ટમાંથી રાજકોટ જિલ્લાના સણોસરા, વાજડીગઢ પરાપીપળીયા, વેજાગામ, કુવાડવા, ફાડદંગ, માલીયાસણ હડમતીયા બેડી, મનહરપુરમાં પણ વિવિધ વિકાસકાર્યો માટે ગ્રાન્ટમાંથી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે જેનાથી રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસને વેગ મળશે. આમ રાજકોટ જિલ્લા પંચાયતમાં કસ્તુરબા ધામ જીલ્લા પંચાયત સીટ તેમજ રાજકોટ જિલ્લા પંચાયતમાં આવતા વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટની ફાળવણી કરવા બદલ રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો જાહેર આભાર વ્યક્ત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

# રાજકોટ શ્રી જયાનંદ ધામમાં શીલા સ્થાપનની વીધી તેમજ ભાવીકોની નવકારશીનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૦

શ્રી કાલાવાડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ શ્રી જય ધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટ સંચાલિત શ્રી જયાનંદ ધામ (નવ ગ્રહ જિનાલય) અવધ રોડ, હોટલ સીઝન્સ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ શ્રી જયાનંદ ધામમાં પરમ કૃપાશિષ પૂ. યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા., શતાવધાની આ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા. પાવન નિશ્રા પૂ. આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ.મુનિશ્રી મતિપૂર્ણવિજયજી મ. નિમાર્ણાધીન નૂતન જિનાલય શ્રી જયાનંદ ધામ કાલાવાડ રોડ શ્વે મૂ. તપગચ્છ સંઘનાં આંગણે બીરાજમાન ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામી, શ્રી પુંડરીક સ્વામી, દેવ શ્રી ઘંટાકર્ણ વીર, શ્રી મણીભદ્રવીર, શ્રી ગૌમુખ યક્ષ, શ્રી ચક્રેશ્વરી માતા, પદમાવતી માતા, સરસ્વતી માાત, લક્ષ્મી માતા, અંબીકા માતા, પ.પૂ. આ.ભ. શ્રીમદ જયાનંદ સૂરી મા.સા. ગુરૂ મુર્તી, ની મુખ્ય શીલાના લાભાર્થી ગૌતમ સ્વામી સમજુબેન રાયચંદ શાહ હ. સુધાબેન જયેશભાઈ, શ્રી પુંડરીક સ્વામી અજયભાઈ લાલચંદ્ર ભણશાલી પરિવાર, આ.ભ. શ્રીમદ જયાનંદસૂરી મા.સ. આશાબેન અશ્વીનભાઈ જસાણી હ. નેહલબેન કપીલભાઈ જસાણી, શ્રી મણીભદ્રવીર દિવ્યાબેન ચંદ્રકાંતભાઈ શાહ, શ્રી ઘંટાકર્ણવીર સ્વ. શ્રી રમેશચંદ્ર નેમચંદ કોઠારી, શ્રી અંબીકા માતા સ્વ. હસુમતીબેન નગીનદાસ બદાણી, શ્રી પદમાવતી માતા જયશ્રીબેન કિશોરભાઈ કામદાર સુદાનવાળા, શ્રી સરસ્વતી માતા ચારૂબેન હિતેષભાઈ દોશી, શ્રી લક્ષ્મી માતા ટવીંકલબેન મયુરભાઈ દામાણી (સુદાનવાળા), શ્રી ગૌમુખ યક્ષ માલતીબેન મુકેશભાઈ ઝાટકીયા, શ્રી ચક્રેશ્વરી માતા હર્ષાબેન જયેશભાઈ શાહ પરિવાર તેમજ દરેક દેરીના ચારેય દિશાના લાભાર્થી પરિવાર શ્રી ગૌતમ સ્વામી સોનાલીબેન પિયુષભાઈ શેઠ, શ્રી પુંડરીક સ્વામી ભાવીનીબેન સંજયભાઈ લોદરીયા, શ્રી મણીભદ્રવીર દિવ્યાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર, શ્રી ઘંટાકર્ણવીર છાયાબેન અમીતભાઈ વોરા, અંબીકા માતા સોનાલીબેન પિયુષભાઈ શેઠ, શ્રી પદમાવતી માતા આનંદ મંગલ શ્વે. જૈન સંઘ, શ્રી લક્ષ્મી માતા મધુબેન જીતેન્દ્રભાઈ દોશી, સરસ્વતી માતા નયનાબેન કેતનભાઈ દોશી નીતીનભાઈ શાહ સુધીર પટેલ. કાર્યક્રમની વિગત લાભાર્થી પરિવારો ૫:૪૫ સુધીમાં જયાનંદ ધામ જિનાલય અવધ રોડ પહોંચી જવાનું છે. ૧૨ જુલાઈ, શુક્રવારનાં અનુષ્ઠાન સવારે ૬ વાગ્યે ચાલુ થશે. સર્વ પ્રથમ ભુમીપુજનની વીધી કરવામાં આવશે ત્યારબાદ શીલા સ્થાપનની વીધી કરવામાં આવશે. ત્યારબાદ આવેલ ભાવીકોની નવકારશીનું આયોજન કરવામાં આવેલ છે. દરેક લાભાર્થી પરિવાર તેમજ સકળ સંઘના ભાવીકોને પધારવા વિનંતી. નવકારશીના પાસ ભુમીપુજન દરમ્યાન આપવામાં આવશે. જેની શ્રી કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ-રાજકોટના મહેશભાઈ મણીયાર ૯૪૨૭૨૨૦૩૩૧, વિપુલભાઈ દોશી ૯૨૨૮૭૬૫૬૮૮, નિતેશભાઈ શાહ ૯૭૨૪૮૨૦૨૧૬ ની યાદી જણાવે છે.

## ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહીત ૨૫,૪૭૮ આત્મહત્યા

# આર્થિક વિકાસની પોલ ખોલતા આત્મહત્યાના આંકડા : ડૉ.મનીષ દોશી

### દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર ૨૫ મીનીટે એક ગૃહિણીની આત્મહત્યા



અમદાવાદ,તા.૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ સરકારને વેધક પ્રશ્ન કરતા જણાવ્યું હતું કે દેશમાં અને ગુજરાતમાં સતત વધતા યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓની આત્મહત્યાની ઘટનાઓ શું આ અમૃતકાળ છે? ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહીત ૨૫,૪૭૮ વ્યક્તિઓએ આત્મહત્યા કરી એ સિવાય ૬૮૭૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. રાજ્યમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટનાઓમાં ૨૧ ટકાનો વધારો થયો છે જે ભવિષ્ય અંગે ચિંતા ઉપજાવે છે. ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદમાં ૩૨૮૦, સુરતમાં ૨૮૬૨, રાજકોટમાં ૧૨૮૭ આત્મહત્યાઓ વિકાસની વાતોને જુઠ્ઠી સાબિત કરે છે. ભાજપ સરકાર જરૂરિયાતમંદ લોકોને રોજગાર, આર્થિક સહાયતા, માનસિક સ્વાસ્થ્યતા આપવામાં નિષ્ફળ નીવડી છે. વર્ષ ૨૦૨૨માં ૧,૬૪ ૦૩૩ લોકોએ આત્મહત્યા કરી જેમાં ૧૨,૦૫૫ વેપારીઓ, ૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોએ આત્મહત્યા કરી. દેશમાં છેલ્લા છ વર્ષ અનુસાર ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭, વર્ષ ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬, વર્ષ ૨૦૧૯માં ૧,૩૯, ૧૨૩, વર્ષ ૨૦૨૦માં ૧,૫૩,૦૫૨, વર્ષ ૨૦૨૧માં ૧,૬૪,૦૩૩, વર્ષ ૨૦૨૨માં ૧,૭૧,૯૨૪ લોકોએ એમ કુલ ૯,૯૨,૫૩૫ લોકોએ દેશમાં આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું હતું જે દેશ માટે અતિગંભીર બાબત છે.

તેમને વધુમાં જણાવ્યું હતુ કે અચ્છે દિન, ખેડૂતોની આવક બમણી, દર વર્ષે બે કરોડ રોજગાર, મોંઘવારીના મારથી મુક્તિ મળશે, સહિતના વાયદાથી તદ્દન વિપરીત ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યા છે. દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલાઓ, ખેડૂતો, ખેતમજદૂરો વિદ્યાર્થીઓ, વેપારીઓ સેવા નિવૃત લોકો, સહીત સહપરિવાર આત્મહત્યા થઈ રહી છે તે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સતત છ વર્ષથી આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર પચ્ચીસ મીનીટે એક ગૃહિણી આત્મહત્યા કરી રહી છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર શારીરિક સમસ્યાઓ, સામાજિક મુશ્કેલીઓ સહીતના કારણોસર આત્મહત્યાઓ સતત વધી રહી છે.

## બાલભવન ખાતે શાસ્ત્રીય નૃત્ય તાલીમ શિબિર યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૦: ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હેઠળની ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી, પરમ કથ્થક કેન્દ્ર, રાજકોટ તથા બાલભવન રાજકોટના સહયોગથી શાસ્ત્રીય નૃત્ય શિબિર કથ્થક કાર્યશાળા તા.૧૨,૧૩,૧૪ જુલાઈના રોજ બાલભવન, રાજકોટ ખાતે યોજવામાં આવનાર છે. શાસ્ત્રીય નૃત્ય શિબિરમા તજજ્ઞ ગુરૂશ્રી ચેતન સરૈયા (નૃત્ય તપસ્યા કથ્થક સ્કુલ મુંબઈ) દ્વારા તાલીમ આપવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારઓએ પલ્લવીબેન વ્યાસ ૯૪૨૭૨૧૭૫૯૮ પર રજીસ્ટેશન કરાવી કોર્મ ભરવાનું રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટની યાદીમાં જણાવવામા આવ્યું છે.

# એડવોકેટ જયેશભાઈ જાનીના જન્મદિવસ નિમિતે સેવાભારતીને રૂા.૨૫ હજારનું અનુદાન

### જૂના સ્વયં સેવકોનો ઓલ્ડ ઈઝ ગોલ્ડ કાર્યક્રમ યોજાયો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૦

રાજકોટના સીનીયર ધારાશાસ્ત્રી અને રાજકોટ શહેરની અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા એવા જયેશભાઈ જાનીનો જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરતા જયેશભાઈ જાની તેમના પત્ની ડો. નીલાબેન જાની, પુત્ર નંદીશ, નંદન, ભાઈ વિરેનભાઈ અને તરૂણભાઈ અને જાની પરિવારના અન્ય સભ્યો રાજકોટના એડવોકેટ, નોટરી અને શુભેચ્છકોની ઉપસ્થિતિ-મા જાનીના નવા નિવાસ્થાન કેવલમ રેસીડેન્સી પુષ્કરધામ મેઈન રોડ ખાતે ખાતે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જયેશભાઈ જાની તરફથી તેમના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના એક ક્ષેત્ર સેવા ભારતી ગુજરાતમાં રૂપિયા ૨૫,૦૦૦ નું અનુદાન કરવામાં આવેલ હતું. રાજકોટ ખાતે સેવા ભારતી ગુજરાતના અદ્યતન કાર્યાલયની માહિતી પંકજભાઈ રાવલે આપી હતી. તેમની સાથે એડવોકેટ વિનુભાઈ વ્યાસે રૂપિયા ૫૦૦૦ આપેલા હતા.

# જામજોધપુર તાલુકાના બુટાવદરમાં વીજળી પડતા ખેડૂતનું મૃત્યુ



(અતુલ ચગ દ્વારા)
મોટી પાનેલી,તા.૧૦

જામજોધપુર તાલુકાના બુટાવદરમાં ગઈકાલે સાંજે મેઘરાજાએ ભારે ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે અઢી થી ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસી જતા નદીમાં ઘોડાપુર આવેલ વીજળીના જોરદાર કડાકા ભડાકા વચ્ચે બુટાવદરના રાજપૂત ખેડૂત કિરીટસિંહ ઝાલા પોતાના ઘરની અગાસી પરથી ઉતરી રહ્યા હતા ત્યાંજ કાળરૂપી વીજળી તેમની માથે પડતા તાત્કાલિક સારવાર અર્થે ખાનગી વાહનમાં ઉપલેટા તરફ રવાના થયેલ બાદમાં એકસો આઠમાં તબદીલ કરી ઉપલેટા જતા હતા પરંતુ કિરીટસિંહ ઝાલાનું મૃત્યુ થયેલ હતું અચાનક વીજળી પડતા દુ:ખદ બનાવથી પરિવાર માં શોક વ્યાપી ગયેલ છે. નાના એવા ગામમાં શોક છવાઈ ગયેલ છે.

# સદભાવના સમિતિ મુસ્લિમો દ્વારા રથયાત્રાનું સ્વાગત



રાજકોટ: શહેરમાં ફુલછાબ ચોક, સદર બજાર, ગનીબાપુના નિવાસ્થાને મુસ્લિમો દ્વારા અષાઢી બીજની રથયાત્રાનું સ્વાગત કરી મુસ્લીમ બિરાદરોએ શુભેચ્છાઓ પાઠવી હિન્દુ-મુસ્લીમ એકતાની અનેરી મીશાલ પુરી પાડી હતી. વિતેલા વર્ષોના મુસ્લીમ અગ્રણી મર્હુમ ગનીબાપુ કટારીયા દ્વારા દરેક રથયાત્રા અને શોભાયાત્રાનું સન્માન સ્વાગત કરવામાં આવતુ હતું. જે ચિલો પણ તેના પુત્ર હબીબભાઈ ગનીબાપુ કટારીયા દ્વારા ચાલુ છે.

આ તકે પોલીસ કમિશનર બ્રિજેશ ઝા, ડીસીપી ઝોન-૧ શ્રી સજનસિંહ પરમાર, ઝોન-૨શ્રી બંગરવા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહેલ, ટ્રાફીક ડીસીપી પુજા યાદવ, એસીપી રાધિકા ભારાઈ, પ્ર.નગર પી.આઈ. ભાર્ગવ જનકાંત સાહેબ તથા એ-ડીવીઝન પી.આઈ. બારોટ, પી.આઈ. મેહુલ ગોંડલીયાના સન્માન સાથે આભાર વ્યકત કરવામાં આવેલ. મહંત ગુરૂ રામનાથજી મહારાજનું પુષ્પહારથી તથા રથયાત્રાના સંચાલકોનું સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે હબીબભાઈ કટારીયા, શિક્ષણ સમિતિ સદસ્ય ફારૂકભાઈ બાવાણી, સબ્બીર કુહાડીયા, પરવેઝ કુરેશી, અમીનભાઈ મીરા, ઈબ્રાહીમભાઈ પીઠડીયા, સકીલભાઈ કટારીયા, જેકીભાઈ ચૌહાણ, અલ્તાફભાઈ કટારીયા, હુસેનભાઈ દાદવાણી, નરેશભાઈ મકવાણા, સંજયભાઈ પાટડીયા, ફારૂકભાઈ કટારીયા, મુન્નાભાઈ કેસરિયા, જાફરભાઈ બાવાણી, ગફારભાઈ કટારીયા, યુસુફ ગનીબાપુ કટારીયા વિગેરેએ હાજર રહી હિન્દુ-મુસ્લીમ એકતામાં પોતાનો સુર પાઠવેલ હતો.

# મોટી પાનેલીમાં સોરઠીયા પ્રજાપતિ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

(અતુલ ચગ દ્વારા)
મોટી પાનેલી,તા.૧૦



ઉપલેટા તાલુકા ના મોટી પાનેલીમાં અસાઢી બીજના દિવસે અત્રેના પ્રજાપતિ સમાજમાં સોરઠીયા પ્રજાપતિ સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં સોરઠીયા પ્રજાપતિ સમાજના વિદ્યાર્થીઓનું સન્માન સાથે ભૂતપૂર્વ પ્રમુખ તેમજ જ્ઞાતિ શ્રેષ્ઠિઓનું સન્માન તેમજ જ્ઞાતિ ભોજનનું આયોજન રાખવામાં આવેલ આ પૂર્વે જ્ઞાતિની બહેનો દ્વારા ભવ્ય રાસ ગરબા લઈને પ્રસંગને દીપવેલ સમાજના લગભગ ચાલીસ જેટલાં ઉતીર્ણ વિદ્યાર્થીઓનું સન્માન શિલ્ડ સર્ટિફિકેટ તેમજ શેક્ષણિક કીટ દ્વારા વડીલોના હસ્તે કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ સાથેજ સમાજના ભૂતપૂર્વ પ્રમુખઓની ઉમદા કામગીરી અને સમાજ શ્રેષ્ઠીઓનું સમાજ પ્રત્યેની સેવાને ધ્યાનમાં લઈને તેઓનું પણ અદકેરૂ સન્માન સમાજ દ્વારા કરવામાં આવેલ આ તકે જ્ઞાતિ ભોજનમાં ત્રણસો જેટલાં લોકોએ સામુહિક જ્ઞાતિ પ્રસાદ ગ્રહણ કરેલ સમગ્ર કામગીરી સમાજના યુવાનો સાથે વડીલોની રહબારી નીચે આયોજન કરવામાં આવેલ.

# અમરેલી પંથકમાં સાડા ત્રણ ઈંચ ધોધમાર વરસાદ

## છેલ્લા ૩ દિવસથી અસહ્ય ઉકળાટ વચ્ચે શહેરીજનોમાં રાહત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં ગઈકાલે ફરી વરસાદના મંડાણ થતાં અમરેલી શહેર સહિત જિલ્લામાં હળવા ઝાંપટાથી લઈ સાડા ત્રણ ઈંચ મેઘો મુશળધાર થવા પામેલ છે.

અમરેલી શહેરમાં ગઈકાલે સવારથી જ ભારે ઉકળાટ રહ્યા બાદ સાંજના સમયે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. થોડીવારમાં તો અમરેલી શહેરમાં તથા ટાવર ચોક પાણી પાણી થઈ જવા પામેલ હતો. જયારે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં અફડા તફડી મચી જવા પામી હતી. અમરેલી તાલુકાના લાપાળીયા, દેવભૂમિ દેવળીયા અને ગોખરવાળા ગામમા ધોધમાર વરસાદ પડયો હતો.

વડીયા પંથકમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડયો હતો. વડીયા તાલુકાના લુણીધાર ગામે ધોધમાર સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકયો હતો જયારે વડીયાના દેવગામ, જીથુડી, લુણીધાર ગામે પણ મેઘો મુશળધાર વરસ્યો હતો. જેને લઈ દેવગામ, જીથુડી, લુણીધાર ગામની બજારોમાં પાણી ભરાયા હતા. જયારે જીથુડીની સ્થાનિક નદીમાં પૂરઆવતા વાહનો ફસાય જતાં સ્થાનિક લોકોએ જહેમત ઉઠાવીને વાહનોને પૂરના પાણીમાંથી બચાવ્યા હતા.



ધારી પંથકમાં એક અઠવાડિયાના વિરામ બાદ મેઘરાજાની પધરામણી થતાં જ ધારી શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધારી ઉપરાંત ધારી તાલુકાના ચલાલા, ઝર, મોરઝર, છતડીયા, માણાવાવ તથા ગીર કાંઠાના દલખાણીયા સહિતના ગામોમાં વરસાદ પડતાં એક અઠવાડિયાના વિરામ બાદ મેઘરાજાની પધરામણી થતાં ખેડૂતઓએ વરસાદને વધાવ્યો હતો.

સાવરકુંડલા પંથકના જીરા, સિમરણ ગામે ધોધમાર વરસાદ પડતાં જીરા અને સિમરણ ગામના ખેતરો પાણીમાં તરબતર થયા હતા.

લાઠી શહેર તથા લાઠી પંથકમાં ધોધમાર વરસાદ પડયો હતો. જેને લઈ લાઠીની બજારો પાણી પાણી થઈ જવા પામેલ હતી. લાઠી ગ્રામ્યના ચાવંડ, વીરપુર, નાના રાજકોટ, શેખ પીપરીયા, હરસુરપુર દેવળીયા, વાડલીયા સહિતનાં ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

ખાંભા તાલુકાના ગીરના ગામડાઓમાં પણ સવારે વરસાદ શરૂ થયો હતો.જેમાં રબારીકા, સાળવા, પીપળીયા, પચપચીયા, આંબલીયારા, દલડી સહિત ગામોમાં મુશળધાર વરસાદથી ગામડાઓની શેરીઓમાં પાણી વહેતા થયા હતા. વાવણી બાદ બીજા રાઉન્ડમાં વરસાદ શરૂ થતા જગતનો તાતખુશખુશાલ જોવા મળતો હતો.

જાફરાબાદના દરિયા કાંઠાના કોસ્ટલ બેલ્ટ પંથકમાં પણ પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. ઉપરાંત જાફરાબાદ શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે લોર, ટીંબી, ફાચરીયા, હેમાળ, બાબરકોટ, મિતીયાળા, લોઠપુર, વઢેરા, કડીયાળી ગામોમાં વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો.

રાજુલા તાલુકાના ચોતરા,મીઠાપુર સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ચોતરા ગામની શેરીઓમાં પાણી વહેતા થયા હતા. ગઈકાલે સવારનાં ૬ વાગ્યાથી રાત્રીનાં આઠ વાગ્યા સુધીમાં વડિયામાં ૪૨ મી.મી., બાબરામાં ૧૫ મી.મી., લાઠીમાં ૮૭ મી.મી., લીલીયામાં ૧૨ મી.મી., અમરેલીમાં ૧૭ મી.મી., બાબરામાં ૬૯ મી.મી., ધારીમાં ૭ મી.મી., સાવરકુંડલામાં ૨ મી.મી., જાફરાબાદમાં ૨૧ મી.મી. તથા રાજુલામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લાનાં કૂવાઓ બાળકો અને વન્ય પ્રાણીઓ માટે જોખમી બન્યા

# બાબરાનાં વલારડીમાં ૧૦૦ ફૂટ ઉંડા કૂવામાં પડી જવાથી બાળકીનુ મોત

## ફાયર વિભાગે ઘટના સ્થળે દોડી બાળકીનો મૃતદેહ બહાર કાઢયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૦





બાબરાનાં વલારડી ગામનાં ૧૦૦ ફુટ ઉંડા કૂવમાં બાળક અકસ્માતે પડી જતા તેમનું કમકમાટીભર્યુ મોત થતાં નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો છે. વિગત એવા પ્રકારની છે કે, વલારડી ગામનાં લાલજીભાઈ રામાણીની વાડીમાં આવેલ ૧૦૦ ફુટ ઉંડા કૂવામાં બાળકી પડી ગયાની જાણ અમરેલીના ફાયર વિભાગને થતા સમગ્ર ટીમે ઘટના સ્થળે દોડી જઈને બાળકીને બચાવવાનો પ્રયાસ કરેલ. પરંતુ અંતે બાળકીનો મૃતદેહ હાથ લાગતા પોસ્ટ મોર્ટમની કામગીરી શરૂ કરવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કૂવાઓ નાના બાળકો અને વન્યપ્રાણીઓ માટે જોખમરૂપ બની રહ્યા હોય કૂવાઓને રક્ષિત કરવા અને જનજાગૃત અભિયાન ચલાવવુ જરૂરી બન્યુ છે.

# અમરેલી ખાતે જિલ્લાભરનાં સફાઈ કામદારોએ ન્યાય માંગ્યો





## ૧૭૮ સફાઈ કામદારોને ફરજ પર પરત લેવાની પણ માંગ કરવામાં આવી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૦

અમરેલી ખાતે ગઈકાલે જુદા-જુદા તાલુકા મથકે સફાઈની કામગીરી કરતાં કર્મચારીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈને ચીફ ઓફિસર અને કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવીને વિવિધ માંગ રજૂ કરીને ૧૫ દિવસમાં માંગ પૂર્ણ ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકામાં કામ કરતા ૧૭૮ સફાઈ કામદારોને છૂટા કરવામાં આવેલ છે તેને પરત લેવામાં આવે. અમરેલી નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા રોજમદારોને પ્રથમ પ્રાયોરિટી આપીને કાયમી કરવામાં આવે. અમરેલી નગરપાલિકા દ્વારા પૂરા શહેરમાં કોન્ટ્રાકટ પ્રથાથી સફાઈ કામગીરી કરવામાં આવે છે તો સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનનું ઉલ્લંઘન અમરેલી નગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. આવશ્યક સેવા એટલે રોજ જરૂરિયાતવાળા વિસ્તાર અને ખાસ કરીને શહેરી વિસ્તારમાં કોન્ટ્રાકટ પ્રથાવેઠ પ્રથા બંધ કરીને સીધા કામદારોને લઘુત્તમ વેતન મુજબ સમાવેશ કરવામાં આવે. અમરેલી નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન ચુકવવામાં આવતું નથી અને સરકારનાં વખતો વખતના પરીપત્રો મુજબ લઘુત્તમ વેતન ચુકવવામાં આવે. અમરેલી નગરપાલિકા દ્વારા રેગ્યુલર પગાર ચુકવવાની માંગ સાથે ૧ થી ૧૦ તારીખ સુધીમાં સફાઈ કામદારોને પગાર ચુકવવા અપીલ કરવામાં આવે છે. અમરેલી નગરપાલિકા દ્વારા વસ્તી વિસ્તાર મુજબનું ચાલું નોકરી દરમિયાન અવસાન થાય તો સરકારનાં પેટા પ્રશ્નો મુજબ ૯૦ દિવસમાં ફિકસમાં ભરતી કરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

# ગુજરાત રિયલ એસ્ટેટ એપ્લેટ ટ્રિબ્યુનલ દ્વારા હવે ઓનલાઈન સુનાવણીની શરૂઆત

## હવે રાજયનાં કોઈપણ ખૂણેથી વકિલો-પક્ષકારો ઝુમ એપ્લિકેશનના માધ્યમથી હાજર રહી શકશે

ગાંધીનગર,તા.૧૦

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત રિયલ એસ્ટેટ એપ્લેટ ટ્રિબ્યુનલ દ્વારા હવે ઓનલાઈન સુનાવણીની શરૂઆત કરવામાં આવી છે. એનો મતલબ એ થયો કે હવે વકીલો કે પક્ષકારોને કેસ લડવા માટે ગાંધીનગર આવવાની જરૂર પડશે નહિ અને તેઓ પોતાના શહેરથી ઝૂમ એપ્લિકેશનનાં માધ્યમથી કોર્ટમાં હાજરી અને દલીલો રજૂ કરી શકશે.

આ બાબતે ટ્રિબ્યુનલ દ્વારા જાહેરાત કરી દેવામાં આવી છે અને એક કેસની સુનાવણી કરતી વખતે ટ્રિબ્યુનલ દ્વારા આવો આદેશ કરવામાં આવ્યો હતો. અત્યારસધી RERA ટ્રિબ્યુનલમાં દલીલો કરવા માટે રાજ્યમાં કોઈ પણ ખૂણેથી ગાંધીનગર ખાતે આવવું પડે કે. હવે બે દિવસ અગાઉ જાણ કર્યેથી ઓનલાઈન માધ્યમથી પક્ષકારો રજૂઆત કરશે. યાદ રહે કે ગુજરાત હાઈકોર્ટમાં પણ આ પદ્ધતિ દ્વારા હાઈબ્રીડ મોડથી સુનાવણી થઈ રહી છે. આ અગાઉ રેરા ખાતે પ્રેક્ટિસ કરતા એક વકીલ દ્વારા ટ્રિબ્યુનલમાં હાઈબ્રીડ મોડથી સુનાવણી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

સુનાવણીનો હાઈબ્રિડ મોડ એ છે કે વકીલ અથવા અરજદાર ટ્રિબ્યુનલ સમક્ષ રૂબરૂ અથવા ઑનલાઈન મોડ દ્વારા હાજર થઈ શકે છે. ટ્રિબ્યુનલની ઓફિસ ગાંધીનગર ખાતે છે અને તમામ સંબંધિતોએ પાટનગર આવવું પડે છે. હાલમાં ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલમાં બાબતોની કાનૂની કાર્યવાહી પ્રત્યક્ષ રીતે હાથ ધરવામાં આવે છે જ્યાં તમામ પક્ષકારોએ રૂબરૂ હાજર રહેવાની જરૂર છે.

નોંધનીય છે કે સર્વેશ માથુર વિરુદ્ધ પંજાબ અને હરિયાણાના રજિસ્ટ્રાર જનરલ હાઈકોર્ટના મામલામાં સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરે કે ૧૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ અથવા તે પહેલાં તમામ ટ્રિબ્યુનલોને આ સુવિધા પૂરી પાડવામાં આવે.હાઈબ્રિડ સુનાવણી માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

# કાઉન્સિલ ઓફ આર્કિટેકચર-નવી દિલ્હી દ્વારા બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે નિયમો સરળ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૦

ભારતમાં આર્કિટેક્ચરના શિક્ષણનું નિયમન કરતી સંસ્થા કાઉન્સીલ ઓફ આર્કિટેક્ચર-નવી દિલ્હી દ્વારા બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ હેતુંના ધોરણ સરળ કરવામાં આવેલ છે તથા પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને સુવર્ણ તક આપવામાં આવેલ છેં, જે મુજબ ઉમેદવારે ધોરણ ૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા ફીજિકસ અને ગણીત ફરજિયાત વિષયો સાથે તેમજ કેમિસ્ટ્રી અથવા બાયોલોજી અથવા ટેકનીકલ વોકેશ્નલ વિષય અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા ઈન્ફર્મેસન ટેકનોલોજી અથવા ઈન્ફોર્મેટીકસ પ્રેકટીસીઝ અથવા એન્જીનિયરીંગ ગ્રાફીકસ અથવા બિઝનેશ સ્ટડીઝમાં કોઈ પણ એકમાં એકંદરે ૪૫% માર્કર્સ સાથે પાસ થયેલ હોવા જોઈએ અથવા ૧૦+૩ ડીપ્લોમાં પરીક્ષામાં ગણીત ફરજિયાત વિષય સાથે એકંદરે ૪૫% માર્કર્સ સાથે પાસ થયેલ હોવા જોઈએ. (પ્રવેશ માટેની લાયકાતની પરીક્ષામાં મેળવેલા માર્કર્સની ટકાવારીમાં છુટ કેન્દ્ર સરકાર અથવા સબંધિત રાજ્ય સરકારોની અનામત નીતિ અનુસાર રહેશે)

વિશેષમાં જણાવવાનું કે એડમિશન કમિટી (એ.સી.પી.સી.) દ્વારા આર્કિટેક્ચરમાં પ્રવેશ માટેના ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે, જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા ઈચ્છતા હોય તેઓએ તા.૨૨-૭ સુધીમા એ.સી.પી.સી. ની વેબસાઈટમાં પોતાની જાતે ભરી શકશે અથવા ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચરમાં હેલ્પ સેન્ટર પર આવી રૂબરૂ ભરી શકાશે.

બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ સંદર્ભે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર ખાતે સુવિધાસભર હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હેતું વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર, વી.વી.પી. કેમ્પસ, મોટેલ ધ વિલેજ સામે, વાજડી-વિરડા, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૯૧૦૪૬ ૯૨૩૨૨, ૯૧૦૪૫ ૨૩૫૨૨, ૯૫૧૦૪ ૩૭૫૨૦ માં સવારે ૯ થી સાંજે ૫ દરમ્યાન અથવા ૯૪૨૮૨ ૦૦૬૯૮ (વહીવટી અધિકારી-રજનીભાઈ રૂપારેલીયા)માં સંપર્ક સાધી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ દ્વારા નિર્ધારિત પ્રવેશ પ્રક્રિયા અંગેનું માર્ગદર્શન મેળવી શકાશે.

# વોર્ડ નં.૧૭ યુવા ભાજપ પ્રમુખ શુભમ લાડવાનો આજે જન્મદિવસ



રાજકોટ: ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજના રાજકોટ શહેરના વતની શુભમભાઈ લાડવાનો આજરોજ જન્મદિવસ છે. તેઓ જીવનના ૨૩ વર્ષ પૂર્ણ કરી ૨૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. રાજકોટ શહેર ભાજપના યુવા મોરચાના વોર્ડ નંબર ૧૭ ના પ્રમુખ તથા સતાધાર યુવા ગ્રુપ રાજકોટના ઉપપ્રમુખ તરીકેની જવાબદારીઓ નિભાવી રહ્યા છે. તેમના સગા-સંબંધીઓ તથા મિત્રવર્તુળ તેમના મોબાઇલ નંબર ૮૮૪૯૪૫૧૩૭૫ ઉપર શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

# રાષ્ટ્રભાષા સાહિત્ય મંચનાં ઉપક્રમે 'એક વૃક્ષમાં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(વિજય પટેલ દ્વારા)

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં વિચાર બીજને સાકાર કરવા 'એક વૃક્ષમાં કે નામ' અંતર્ગત રાષ્ટ્ર ભાષા સાહિત્ય મંચ, અંકલેશ્વર દ્વારા સ્ટાર સ્કૂલ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાપક જિનેન્દ્ર કોઠારી, રવિ જૈન, રોટરી કલબ ઓફ અંકલેશ્વરનાં પાસ્ટ પ્રેસિડન્ટ અનિતા કોઠારી, મધુ ગૌડ, ટ્રસ્ટી કપિલ વત્સ, શ્રી મિશ્રાજી સંસ્થાનાં આચાર્ય તથા ટ્રસ્ટીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

રાજકોટ: રાજકોટ ગુર્જર સુથાર મધુબેન જયંતીભાઈ અંબાસણા (ઉ.વ. ૮૨) તે સ્વ. જયંતીભાઈ મોહનભાઇ અંબાસણાના પત્ની તેમજ ચંદ્રેશભાઈ અંબાસણા તથા બિપીનભાઇ અંબાસણાના માતા તથા પીઠડીયાવાળા માતા સ્વ. નાગજીભાઇ ગોરધનભાઈ વલસાડીયાના દિકરીનું તા.૮-૭ ના રોજ અવસાન થયું છે જેમનું બેસણું તા.૧૧-૭ ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને (ગોલ ટ્રાયો એ-૨૦૨, મવડી કણકોટ રોડ, રાજકોટ.) રાખેલ છે. ૯૮૯૮૮૫૪૫૯૬, ૯૯૭૪૬૨૮૯૨૨

સ્વ.ચંદ્રીકાબેન ચંદ્રકાંતભાઈ ચંદારાણા તા.૯-૭ ને મંગળવાર ચંદ્રકાંતભાઈ મોહનભાઈ ચંદારાણના પત્ની તેમજ ચેતનાબેન મહેશભાઈ લાખાણઈ તથા અજય, ચંદ્રેશ, દિનેશ, હિતેષના માતા તથા સ્વ. હસમુખભાઈ, અરવિંદભાઈ તથા સુભાષભાઈના ભાભીનું અવસાન થયું છે. બેસણું તા.૧૧-૭ ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ સહકારેશ્વર મહાદેવ મંદિર, સહકાર સોસાયટી શેરી નં.૭, સહકાર સોસાયટી મેઈન રોડ, રાજકોટ તથા પિયરપક્ષની સાદજી સાથે રાખેલ છે. વાઘજીભાઈ વલ્લભદાસભાઈ કોટક-૯૮૭૯૧૨૭૧૪૪ પરસોત્તમભાઈ ગોવીંદજીભાઈ કોટક-૯૮૭૯૪ ૬૦૯૭૪

## જસદણના કોળી સમાજના અગ્રણી અમરશીભાઈ પલાળીયાનું અવસાન

જસદણ: જસદણ તળપદા કોળી સમાજના અગ્રણી અમરશીભાઈ સામતભાઈ પલાળીયા તે ભાવેશભાઈ અમરશીભાઈ પલાળીયાના પિતા તથા છગનભાઈ સામતભાઈ પલાળીયાના ભાઈનું તારીખ ૭-૭ ના રોજ અવસાન થયું છે. તેમનું પાણીઢોળ તારીખ ૧૮-૭ ના રોજ વાજસુરપરા શેરી નંબર ૧૩ જસદણ ખાતે રાખવામાં આવેલ છે.

# આચાર્ય હેમચંદ્રસૂરી પ્રાથમિક શાળા ક્રમાંક-૧૮૭ માં બાળ સંસદની ચૂંટણી યોજાઈ

(વિજય પટેલ દ્વારા)

સુરત,તા.૧૦



શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત નાનીવેડ સ્થિત આચાર્ય હેમચંદ્રસૂરી પ્રાથમિક શાળા ક્રમાંક-૧૮૭ માં બાળ સંસદનું નિર્માણ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ બાળકોમાં નેતાગીરીનો ગુણ વિકસે, બાળકો સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત રાજનીતિથી અવગત થાય ઉપરાંત ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર થાય તે છે.

પ્રતિવર્ષ શાળામાં બાળ સંસદનું નિર્માણ કરવામાં આવે છે. આ સંદર્ભે શાળાનાં સામાજિક વિજ્ઞાન વિષયનાં શિક્ષક કેતનભાઈ સુરતી દ્વારા બાળકોને બાળ સંસદ અને ચૂંટણીનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જાહેર ચૂંટણી પ્રક્રિયાની રૂપરેખા મુજબ જાહેરનામું, ઉમેદવારનું ફોર્મ ભરવાની, પાછું ખેંચવાની તારીખ તેમજ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી.

સદર બાળ સંસદની ચૂંટણીમાં મતદાર તરીકે ધોરણ ૫ થી ૮ નાં વિદ્યાર્થીઓ સહિત શિક્ષકગણે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઉમેદવારીપત્ર ભરી પોતપોતાની રીતે ચૂંટણી પ્રચાર કર્યો હતો. ચૂંટણીનાં દિવસે જરૂરી સ્ટાફ જેમ કે પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર વગેરેની નિમણૂક સહિત અલાયદા મતદાન મથકની જોગવાઈ કરવામાં આવી હતી. હતી. શાળાનાં ઉપશિક્ષક કાંતિભાઈ પટેલે ટેક્નિશિયનની ભૂમિકા અદા કરી મોબાઈલ એપ દ્વારા કંટ્રોલ યુનિટ, બેલેટ વગેરેની વ્યવસ્થા કરી હતી.

મતદાનની પ્રક્રિયા પૂર્ણ થતાં ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં સૌથી વધારે મત ધોરણ ૮ માં અભ્યાસ કરતાં પ્રેમ નારાયણલાલ મેવાડાને મળતાં તેને શાળાનાં મહામંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યા હતાં. અંતમાં શાળાનાં આચાર્યા ભારતીબેન ગોહિલે સમગ્ર ચૂંટણી સ્ટાફ અને મતદારોનો આભાર વ્યક્ત કરી વિજેતા ઉમેદવારને શુભેચ્છા પાઠવી હતી.

# લાંચ લઇ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડ્યું ન હતું



## રાજકોટ અગ્નિકાંડઃ TRP ગેમ ઝોનના સંચાલકો પાસેથી લાંચ લીધાની મનસુખ સાગઠિયાની કબૂલાત

રાજકોટ, તા.૧૦

રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ પાછળ મુખ્યત્વે ભ્રષ્ટાચાર જ કારણભુત હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) સમક્ષ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ કબૂલ્યું છે કે તેણે લાંચ લઈ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડયું ન હતું તેમ એસીબીના એક અધિકારીએ નામ નહીં લખવાની શરતે જણાવ્યું હતું. સાથો-સાથ એમ પણ કહ્યું કે મનસુખ સાગઠિયાએ અનેક પ્લાન પાસ કરી ભ્રષ્ટાચાર કર્યાનું પણ સ્વીકારી લીધું છે.

૨૦૨૧માં ટીઆરપી ગેમ ઝોન નાના પાયે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદના વર્ષોમાં વધુને વધુ ગેરકાયદે બાંધકામ કરી તેને મોટા પ્રમાણમાં શરૂ કરવામાં આવ્યો હતો. જે-તે વખતે મનપાની ટીપી શાખાએ તેનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવા માટે નોટીસ આપી હતી. પરંતુ પછીથી કોઈ કાર્યવાહી કરી ન હતી. આખરે આ ગેરકાયદે બંધાયેલા ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં બાળકો સહિત ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેવાયો હતો. તે સાથે જ ટીપીઓ મનસુખ સાગઠિયાએ ગેરકાયદે બાંધકામ કેમ તોડયું ન હતું તેની પાછળના કારણો અંગે તરેહ-તરેહની ચર્ચાઓ થતી હતી. આ માટે ભ્રષ્ટાચાર કારણભુત હતો કે નેતાઓની ભલામણ તે બાબતે તર્ક-વિર્તકો થતા હતા.

જો કોઈ નેતાની ભલામણ હતી તો તેનું નામ શું છે અગર તો લાંચ લીધી હતી તો કેટલી તે બાબતેના કોઈ ખુલાસા અત્યાર સુધી થયા ન હતા કે પછી તપાસનીશો દ્વારા જાહેર કરાયા ન હતા. કરોડોની અપ્રમાણસર મિલકતના ગુનામાં એસીબી પાસે ૬ દિવસના રિમાન્ડ પર રહેલા સાગઠિયાએ આખરે કબૂલ્યું હતું કે તેણે ટીઆરપી ગેમઝોનનું ગેરકાયદે બાંધકામ લાંચ લઈને તોડયું ન હતું. જોકે તેણે આ માટે કેટલી લાંચ લીધી તે અંગે એસીબીના અધિકારીઓએ ખુલાસો કરવાનું હાલ ટાળ્યું છે. એસીબીની **(જુઓ.પાનું.પ)**

### સાગઠિયા સાથે ભળેલા મનાતા નેતાઓને ઉની આંચ આવશે કે કેમ?

આ ફાઈલો થોકબંધ હોવાથી તે મળવામાં જ ચાર-પાંચ દિવસનો સમય લાગી જશે. ત્યાર પછી આ તમામ ફાઈલોનો એસીબી ઊંડાણપૂર્વક અભ્યાસ કરી આગળની કાર્યવાહી કરશે. એસીબીની આ કાર્યવાહીથી સાગઠિયા સાથે મળી ભ્રષ્ટાચાર કરનાર બિલ્ડરો, આર્કીટેકટો વગેરેની મુશ્કેલીઓ વધે તેવી શકયતા છે. જોકે સાગઠિયા સાથે ભળેલા મનાતા નેતાઓને ઉની આંચ આવશે કે કેમ તે હજુ સુધી સૌથી મોટો સવાલ છે.

### કેટલા પ્લાન પાસ કર્યા, કેટલા નામંજૂર કર્યા ?

સાગઠિયાના કાર્યકાળ દરમિયાનની તમામ ફાઈલો એસીબીએ મંગાવી સાગઠિયા સાથે ભળેલા બિલ્ડરો અને આર્કિટેકટોની ઊંઘ હરામ થશે, નેતાઓને આંચ આવશે કે કેમ તે પ્રશ્ન હજુ અનુત્તર રાજકોટ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ ટાઉન પ્લાનીંગ શાખામાં રહી કરોડોનો ભ્રષ્ટાચાર આચર્યાની એસીબી સમક્ષ કબૂલાત આપતા જ એસીબીએ આ દિશામાં હવે તપાસ શરૂ કરી છે. જેના ભાગરૂપે સાગઠિયાએ તેના કાર્યકાળ દરમિયાન ખરેખર કેટલા પ્લાન (ફાઈલો) મંજુર કર્યા હતા, કેટલી ફાઈલોનો તાત્કાલીક નિકાલ કર્યો હતો, કેટલી ફાઈલો પેન્ડીંગ રાખી હતી, કેટલી ફાઈલો રિજેકટ કરી હતી તેની માહિતી એસીબીએ મનપાની કચેરીમાંથી મંગાવી છે.

# હોટલ-રેસ્ટોરા, મંડપ કોન્ટ્રાકટરો સહિતના ધંધાર્થીઓની હડતાલ











રાજકોટ, તા.૧૦

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા અગ્નિકાંડ બાદ કોર્પોરેશન, રૂડા સહિતના વિભાગો દ્વારા મોટાપાયે ફાયરસેફટી જેવા નિયમોનું કડક પાલન કરાવવા ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને તેના આધારે સંખ્યાબંધ હોટેલ-રેસ્ટોરા સહિતના ધંધાકીય સ્થાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા. વેપારીઓને ધંધો ગુમાવવા ઉપરાંત રઝળપાટ કરવાનો વખત આવ્યો હતો તેના પગલે મોટા પ્રમાણમાં આક્રોશ સર્જાયો હતો.

આજે હોટલ-રેસ્ટોરા ઉપરાંત મંડપ કોન્ટ્રાકટરો, કેટરર્સ, બેન્કવેટ હોલ, પાર્ટીપ્લોટ, હાઈવે હોટેલ જેવા ધંધાર્થીઓએ જડબેસલાક હડતાલ રાખીને બંધ પાળ્યો હતો.

### ૧૫ દિવસની નોટીસનો નિયમ હોવા છતાં નોટીસ આપયાની બીજા દિવસે સીલીંગની કામગીરીઃ વેપારીઓમાં આક્રોશ

અગ્નિકાંડના પીડિતોની જેમ શાસક નેતાઓ ધંધાર્થીઓ-વેપારીઓની વહારે પણ નહી આવ્યાનો પોકાર પાડવા સાથે તેઓ દ્વારા તંત્ર સમક્ષ ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

હોટેલ-રેસ્ટોરા સહિતના ધંધાર્થીઓ દ્વારા ફેડરેશન ઓફ હોસ્પીટાલીટીની રચના કરવામાં આવી હતી અને તાબડતોડ બેઠક યોજીને તંત્ર સામે મેદાને પડવાનો નિર્ણય લઈ હડતાલ પાડવાનું એલાન કરવામાં આવ્યું હતું. મંડપ કોન્ટ્રાકટરો, બેન્કવેટ હોલ, પાર્ટીપ્લોટ, હાઈવે હોટેલ જેવા સંલગ્ન ધંધાર્થીઓએ પણ તેઓને ટેકો જાહેર કરતા આજે રાજકોટ તથા આસપાસના વિસ્તારોની તમામ હોટેલ-રેસ્ટોરા બંધ રહ્યા હતા.

ધંધાર્થીઓએ એવો પોકાર પાડયો હતો કે ફાયર સેફટી અને કમ્પ્લીશન સર્ટીફીકેટ માટે અતિરેકભરી કામગીરી કરવામાં આવે છે. ૧૫ દિવસની નોટીસનો નિયમ હોવા છતાં નોટીસ અપાયાના બીજા જ દિવસે સીલીંગ કામગીરી કરવામાં આવે છે. એટલે ફાયર સેફટી નિયમોના પાલન કરવા માટે ધંધાર્થીઓ પાસે કોઈ સમય જ રહેતો નથી અને ધંધાના સ્થળો સીલ કરી દેવામાં આવે છે.

# પીપળિયાની ગૌરી નકલી સ્કૂલ પ્રકરણમાં ૮ શાળાની સંડોવણી

■ ૩૫ બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાયોઃ સંચાલકો ભાગી ગયા



રાજકોટ, તા.૧૦

માલિયાસણ પાસે આવેલી પીપળિયાની ગૌરી પ્રિ-પ્રાઈમરી સ્કૂલમાં ભણતા ૩૫ વિદ્યાર્થીને સરકારી શાળામાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. ૨૪ વિદ્યાર્થીને પીપળિયા ગામ નજીક આવેલી જુદી જુદી સરકારી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે જ્યારે ૧૧ બાળકોને આંગણવાડીમાં એડમિશન આપવામાં આવ્યા છે. અત્યાર સુધી પીપળિયાની ગૌરી પ્રિ-પ્રાઈમરી નામથી ચાલતી નકલી સ્કૂલમાં ભણતા બાળકોનો અભ્યાસ ન બગડે તે માટે રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ દ્વારા આ તમામ બાળકોને ગામની નજીકની શાળામાં પ્રવેશ અપાયો છે.

જ્યારે બીજી બાજુ છેલ્લા ૬ વર્ષથી પીપળિયામાં નકલી સ્કૂલ ચલાવતા તિવારી દંપતી હાલ ગામમાંથી સામાન લઈને ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ દંપતી પોતાના વતન મધ્યપ્રદેશ જતા રહ્યા હોવાનું ગામમાં ચર્ચાઈ રહ્યું છે. આ ઉપરાંત રાજકોટની જે ત્રણ સ્કૂલ સહિત કુલ ૮ના નામ સંડોવાયેલા છે તેની સામે શું કાર્યવાહી કરવામાં આવશે તેના ઉપર પણ નજર રહેશે. આ તમામ બાબતો વચ્ચે નકલી સ્કૂલ ચલાવનાર દંપતી જેઓ તે જ ગામમાં રહેતા હતા તેઓ હાલ સામાન-સામગ્રી લઈને નાસી ગયા હોવાનું જાણવા મળ્યું છે.

મંગળવારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલે પીપળિયા ગામની મુલાકાત લીધી હતી અને ૨૪ બાળકોને નજીકની પ્રાથમિક શાળામાં અને ૧૧ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ અપાયો હતો. દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, હાલ બાળકોનું શિક્ષણકાર્ય ન બગડે તે જરૂરી છે તેથી જ બાળકોને જે-તે ધોરણ પ્રમાણે નજીકની સરકારી શાળામાં પ્રવેશ કરાવી શિક્ષણકાર્ય શરૂ કરાવી દીધું છે. ડીપીઈઓ દિક્ષિત પટેલ અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિમલ ગઢવી ગણતરીના કલાકોમાં જ આ કેસમાં એફઆઈઆર દાખલ કરશે.

| ૮ સ્કૂલની સંડોવણી ખૂલી |
|---|
| રાધેકૃષ્ણ વિદ્યાલય |
| ઓલ માઈટી સ્કૂલ |
| ગ્રેસ સ્કૂલ |
| એમ.બી.પટેલ વિદ્યાલય |
| રામદેવ વિદ્યાલય |
| નવોદય વિદ્યાલય |
| નક્ષત્ર સ્કૂલ |
| અક્ષર સ્કૂલ |

**રાજકોટ ટી.આર.પી ગેમઝોન અગ્નિકાંડ : પીડિત પરિવારજનોએ મુખ્યમંત્રી સાથે કરી મુલાકાત : જવાબદાર ધારાસભ્ય, કોર્પોરેટર સામે ગુનો નોંધવા માંગ : પરિવારજનોએ સરકાર સમક્ષ ૧૨ મુદાઓની કરી રજુઆત : મુખ્યમંત્રીએ યોગ્ય કાર્યવાહીની આપી ખાતરી**

# કોંગ્રેસ નેતા ચિરાગ ઝવેરીનું હાર્ટએટેકથી નિધન

### રાત્રે સુતા બાદ ન ઉઠયાઃ વડોદરાના પૂર્વ ડે.મેયર હતા



વડોદરા, તા. ૧૦

વડોદરાના પૂર્વ ડે. મેયર અને કોંગ્રેસના નેતા ચિરાગ ઝવેરીનું હાર્ટ એટેકથી મોત થયું છે. તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકા ફરવા ગયા હતા, આ દરમિયાન તેમના અચાનક નિધનથી ઘેરા શોકની લાગણી પ્રસરી છે.


છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકના બનાવો ચિંતા જનક રીતે વધી રહ્યા છે. ત્યારે હવે હાર્ટ એટેકથી કોંગ્રેસના નેતાનો જીવ ગયો છે. વડોદરાના પૂર્વ ડેપ્યુટી મેયર અને કોંગ્રેસના નેતા ચિરાગ ઝવેરીનું હાર્ટ એટેકથી મોત થયું છે. તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકા ફરવા ગયા હતા, આ દરમિયાન તેમના અચાનક નિધનથી ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

ચિરાગ ઝવેરી પરિવાર સાથે અમેરિકાના પ્રવાસે ગયા હતા. દરમિયાન તેઓ પોતાના મિત્રો સાથે સાઉથ અમેરિકાના ટાપુ પર ફરવા ગયા હતા. રાત્રે તેઓ સૂઈ ગયા પછી સવારે ઉઠ્યા જ નહીં. આથી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ચિરાગ ઝવેરી ૬૬ વર્ષની વયના હતા અને તેઓ ૩૩ વર્ષ સુધી કાઉન્સિલર રહ્યા હતા.

રાજકોટ જિલ્લાના ૬ ડેમોમાં નોંધપાત્ર આવક

# સૌરાષ્ટ્રનાં ૨૦ ડેમોમાં નવા નીરની આવક

### ભાદર-૧માં સવા, ફોફળમાં પોણા બે, આજી-૩માં દોઢ, ડોંડીમાં ૯.૫ ફૂટ



રાજકોટ, તા.૧૦

રાજકોટ જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં ફરી ગઈકાલથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. આ સારા વરસાદનાં પગલે સૌરાષ્ટ્રનાં ૨૦ ડેમોમાં ૧થી ૯.૫ ફૂટ જેટલા નવા નીરની નોંધપાત્ર આવક થવા પામી છે.

ખાસ કરીને રાજકોટ જિલ્લાના ૬ ડેમોમાં પણ પાણીની સારી આવક થવા પામી છે. આ અંગેની રાજકોટ સિંચાઈ વિભાગનાં ફલડ સેલમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા સૌરાષ્ટ્રનાં સૌથી મોટા ડેમોમાં બીજા નંબરનાં એવા ભાદર-૧ ડેમમાં સવા ફૂટ નવું પાણી છેલ્લા ૨૪ કલાકમાં ઠલવાયું છે.

જયારે ફોફળમાં પોણા બે ફૂટ, આજી-૩માં દોઢ ફૂટ, તેમજ ડોંડીમાં સૌથી વધુ ૯.૨ ફૂટ જેટલું નવું પાણી ઠલવાયું હતું. આ ઉપરાંત ન્યારી-૨માં ૦.૩૩ ફૂટ અને છાપરવાડી-૨માં પોણા બે ફૂટ નવું પાણી છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આવેલ હતું.

જયારે, મોરબી જિલ્લાનાં ચાર ડેમોમાં પણ નવા નીર આવ્યા હતા જેમાં મચ્છુ-૧માં અઢી, તથા મચ્છુ-૨માં દોઢ ફૂટ, ડેમી-૧માં ૦.૫ ફૂટ અને ડેમી-૨માં અઢી ફૂટ નવા પાણીની આવક થવા પામી હતી.

તેમજ જામનગર જિલ્લામાં ફોફળ-૨માં દોઢ ફૂટ, રંગમતીમાં ૭.૫૫ ફૂટ, અને રૂપાવટીમાં એક ફૂટ નવા પાણીની આવક છેલ્લા ૨૪ કલાક દરમ્યાન થવા પામી હતી.

જયારે દ્વારકા જિલ્લાનાં ૬ ડેમોમાં પણ નવા નીર આવેલ હતા જેમાં ઘીમાં પોણા બે ફૂટ, શેઢા ભાડતરીમાં સવા બે ફૂટ, વેરાડી-૧માં ૩.૭૭ ફૂટ, વેરાડી-૧માં દોઢ, અને મીણસાર (વાનાવડ)માં ૨.૧૩ ફૂટ નવા પાણીની આવક થવા પામી હતી. ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાનાં બે ડેમોમાં પણ નવું પાણી આવેલ હતું. જેમાં ધોળીધજામાં પોણા બે ફુટ અને મોરસલમાં પોણો ફૂટ નવા પાણીની આવક થવા પામી હતી.

# રાજકોટમાં સામાન્ય વરસાદમાં શહેર પાણી-પાણી!









તસવીરઃ દિલીપ ગોહેલ

રાજકોટઃ શહેરમાં ગઇકાલે સાંજે હળવા-ભારે ઝાપટારૂપે દોઢ ઇંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. છ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ અંધારૂ થયું ત્યાં સુધી ધીમી ગતિએ ચાલુ રહેતા વધુ એક વખત શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ સહિતના માર્ગો પાણીમાં ડૂબી ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ગઇકાલે સાંજે ભારે બફારા વચ્ચે ધીમો વરસાદ શરૂ થતા રાત્રે તો ધોધમાર વરસાદ આવશે તેવી આશા હતી પરંતુ બેક કલાકમાં માંડ વરસેલા દોઢેક ઇંચ વરસાદના કારણે પણ પૂર્નો જેમ પાણી નીકળી ગયા હતા. રૈયા ચોક, મવડી ચોક, નાણાવટી ચોક, રામાપીર ચોક, ઉમિયા ચોક, નાના મવા ચોક, રૈયા ટેલીફોન એકસચેંજ ચોકમાં વધુ એક વખત પાણીના ભરાવા સાથે વાહનોની લાઇન લાગી ગઇ હતી. રાજકોટમાં સામાન્ય વરસાદમાં પણ પાણી-પાણી થઇ ગયું હતું.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.